

## તું તારી સંભાળ કર;
## બાકી બધું એની મેળાએ ચાલશે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત–પ [૪૯૪] * આત્મધર્મ * [અંક–૬ વર્ષ–૪૧] ડીસેમ્બર ૧૯૮૪

## અધ્યાત્મસાધનાધામ સુવર્ણપુરીમાં

# * શ્રી જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ *

પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં નવનિર્મિત અતિ ભવ્ય 'શ્રી દિગમ્બર જૈન પંચમેરુ–નન્દીશ્વર જિનાલય'માં નીચે વર્તુળાકાર મનોહર રચનામાં તથા ઉપરની વેદીમાં બિરાજમાન થનારા વીતરાગી–ભાવવાહી દિગમ્બર જિનબિમ્બોની આનંદવર્ધિની પંચકલ્યાણકવિધિપુરઃસર મંગળ પ્રતિષ્ઠા જિનેન્દ્રમહિમા-પ્રકાશક અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાતિશય પ્રભાવના–ઉદયમાં તથા પૂજ્ય ગુરુદેવના પરમભક્ત સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગળમય છત્રછાયામાં અતિ આનન્દોલ્લાસ સહ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રત્યક્ષ અનુપસ્થિતિ હોવા છતાં એમના ઉપકૃત સમસ્ત મુમુક્ષુ સમાજમાં આ કલ્યાણવર્ધક પ્રતિષ્ઠા મહોત્સવ અતિ ઉત્સાહ તથા ભવ્યતાથી ઉજવવાનો ઉલ્લાસ વર્તી રહ્યો છે.

આ મંગળ પ્રતિષ્ઠાનું ઉત્તમ મુહૂર્ત વીર નિ. સં. ૨૫૧૧ વિ. સં ૨૦૪૧, ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭–૨–૮૫ના શુભ દિવસનું નક્કી થયું છે. સમ્યક્ત્વસ્વરૂપ નિજકલ્યાણના હેતુભૂત આ સાતિશય મંગળ મહોત્સવ ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦–૨–૮૫ થી ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭–૨–૮૫ —એમ આઠ દિવસ રાખવામાં આવેલ છે.

આ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય નિમંત્રણ–પત્રિકા તૈયાર થયા બાદ સર્વ મુમુક્ષુ સમાજને મોકલી આપવામાં આવશે. સર્વ મુમુક્ષુ સમાજને આ શુભ અવસરનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

—*—

કહાન
સંવત-૫
વર્ષ-૪૧
અંક-૬
[૪૯૪]

વીર
સંવત
૨૫૧૧
A. D. 1984
DEC.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન ગુરુ પ્રસાદ

❋ આ મારગ મોંઘો છે એમ એણે માની લીધું છે; પણ પોતાની વસ્તુ મોંઘી કેમ હોય? પણ મોંઘી માની લીધી છે તેથી સમજાય નહિ, સમજાય નહિ—એમ એને રહ્યા કરે છે. મારગ તો સહેલો છે પરંતુ રોકાવાના સ્થાનો એટલા છે કે ક્યાંક ને ક્યાંક રોકાઈ રહે છે. જો રોકાય નહીં તો સહેલું જ છે; પણ ઈ કાંઈક ને કાંઈક લપ ઊભી કરે છે તેથી એને આ સમજાતું નથી.

❋ પર્યાયને કબૂલીને પર્યાયનું લક્ષ છોડી દે અને દ્રવ્યને કબૂલીને તેનો વિકલ્પ પણ છોડ...પર્યાય આમ છે ને દ્રવ્ય આમ છે એવા શાસ્ત્રના જાણપણાને પણ ભૂલી જા. પર્યાય આમ છે ને દ્રવ્ય આમ છે એ જાણપણાના વિકલ્પો દુઃખરૂપ છે એ જાણીને તારે કરવું છે શું? આત્માનો અનુભવ કર; એ એનો સાર છે. દ્રવ્ય આમ છે ને પર્યાય આમ છે એવી એકલી વાતો કરવાની વાત નથી. દ્રવ્યને અનુભવે ત્યારે દ્રવ્ય-પર્યાયનું સાચું જ્ઞાન થશે.

❋ પરમાણુઓનો ધારાપ્રવાહી પલટવાનો સ્વભાવ છે એને અંતરાય કરી શકે કોણ?

❋ વીતરાગની નાનામાં નાની વાતમાંથી પણ ભગવાન ખડો થાય છે.

❋ તું તારો નિર્ણય તો કર! નિર્ણય તો કર!—એ જ કરવા જેવું છે. બાકી તો પરનું કરવામાં 'હાથ કપાય' તેવું છે.

❋ મારો આત્મા મારે પ્રાપ્ત કરવો છે, હું જેવો છું તેવો મારે થવું છે—એવી જેને ગરજ થઈ હોય તેને માટે આ વાત છે. —પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# * મારે કાંઈ જોઈતું નથી.... *

'હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.'—આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. ૨૪૫.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હું મુક્ત જ છું, રાગ અને તેના સંબંધે બંધપણું મારામાં છે જ નહિ. સમયસારની ૧૪ મી ગાથામાં કહ્યું છે: જે આત્માને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોરૂપ એટલે કે મુક્તસ્વરૂપ દેખે છે—અનુભવે છે તેને શુદ્ધનય જાણજે. કર્મ તો પર ચીજ છે, તેની સાથે તો જીવને પરમાર્થે સંબંધ છે જ નહિ, પણ રાગાદિ વિભાવો સાથે પણ ખરેખર સંબંધ નથી. આત્મા તો રાગાદિના સંબંધ વિનાની અબંધ ચીજ છે. અબંધ કહો કે મુક્ત કહો. અહા! દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને લક્ષમાં લીધું ત્યારે 'હું મુક્ત જ છું' એવો અનુભવ થયો.

અહા! મહારાષ્ટ્રમાંથી કોઈએ એકસાથે બેનનાં 'વચનામૃત'નાં ચારસો પુસ્તક મંગાવ્યા છે. આપણે ત્યાં વીસ લાખ ઉપર પુસ્તક છપાયા છે, પણ આ પુસ્તક તો કોઈ જુદી જાતનું છે! ભાઈ! જરી મધ્યસ્થ થઈને આ વાંચે ને વિચારે તો મૂળ ચીજ શું છે તે હાથ લાગે. ભગવાન આત્માની આ વાત અત્યારે ચાલતી નથી, અત્યારે તો 'આ કરો ને તે કરો—ક્રિયા કરો ને દાન કરો' એવી વાત ચાલે છે. પણ ભાઈ! ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્મા કહે છે કે—બહારથી મંદ કષાય અને ક્રિયાકાંડ કરી કરીને મરી ગયો, 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' ભગવાન આત્મા પરમાર્થ દૃષ્ટિએ દયા-દાન આદિ રાગનો કર્તા અને હર્ષ-શોકનો ભોક્તા છે જ નહિ, તે તો સદા મુક્તસ્વરૂપ જ છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકામાં (૧૯૮મા કળશમાં) આવે છે ને કે—

"જ્ઞાની કર્મ કરતો નથી તેમ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના કરવાના અને ભોગવવાના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે."

જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરવાના અને ભોગવવાના અભાવને લીધે શુદ્ધ

સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારનાં કર્મ છે, પણ તે જડ પુદ્ગલ છે, તારી ચીજમાં ક્યાં છે? જીવમાં અજીવ કેમ હોય? એ તો ઠીક, પણ દયા-દાન, પૂજા-ભક્તિ અને વ્રત-તપનો શુભ રાગ પણ જીવના સ્વરૂપમાં ક્યાં છે? ભગવાન જ્ઞાયકદેવ તો રાગથી સદા મુક્ત છે. અહા! આ વાત કેમ બેસે! શરીર, લક્ષ્મી, બાયડી, છોકરાં ને કુટુંબ અને તેની મમતાનો પાપ રાગ —એ તો ક્યાંય રહી ગયા, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો શુભ રાગ પણ આત્માનું સ્વરૂપ નથી. આત્મા શુભ અને અશુભ રાગથી મુક્ત જ છે; મુક્ત ન હોય તો મુક્તિની પર્યાય આવશે ક્યાંથી? અહા! ત્રિલોકીનાથ પરમાત્માની વાણીનો સાર આ છે કે— આત્મા સદા મુક્ત જ છે. આ, રાગ ને વર્તમાન પર્યાયની દૃષ્ટિ છોડાવીને દ્રવ્ય દૃષ્ટિ —ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ—કરાવવાની વાત છે.

પ્રભુ! રાગ તો અનાત્મા છે; આત્મા તેનાથી ભિન્ન જ છે. ભિન્ન જ રહ્યો છે. અરે, પ્રભુ! તને તારા મુક્તસ્વરૂપની ખબર નથી. કર્મ તો ઝીણી માટી—ધૂળ છે, જડ છે, અને હિંસા-જૂઠ-ચોરીના પાપવિકલ્પ તેમ જ વ્રતાદિના શુભ વિકલ્પ આત્માના સ્વરૂપમાં નથી. આત્મતત્ત્વ તેનાથી ભિન્ન છે. ભાઈ! મુક્તસ્વરૂપ ભગવાન આત્મા તરફ નજર કરીને એક વાર પ્રસન્ન તો થા, તને કોઈ અનુપમ આનંદ પ્રગટ થશે. આ તો નજર હજુ શ્રાવક ને મુનિ થયા પહેલાં સમકિતની—ધર્મના પહેલા પગથિયાની —વાત છે.

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ વર્તમાનમાં અત્યારે જ મુક્તસ્વરૂપ છે, કર્મથી ને વિભાવથી ભિન્ન નિર્લેપ ચીજ છે. એમ ન હોય તો પર્યાયમાં નિર્લેપતા આવશે ક્યાંથી? જેમ સ્ફટિકમાં રંગની ઝાંય દેખાવા છતાં સ્ફટિક તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, તેમ જીવની પર્યાયમાં વિભાવો જણાવા છતાં જીવ તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, નિર્લેપ છે. 'આ બધા જે શુભાશુભ વિભાવો જણાય છે તે જ્ઞેયો છે. હું તો તેનાથી તદ્દન જુદો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા થાય છે. જ્ઞાની જાણે છે કે—'મારો આત્મા કર્મ અને વિભાવના લેપ વગરનો, શુદ્ધ ચૈતન્યદેવ છે.' તે તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ—અલિપ્ત જ છે. મૂળ તત્ત્વમાં તો અન્ય કાંઈ પ્રવેશી શકતું જ નથી. પછી ચિન્તા શાની?

અહા! હું તો મુક્ત જ છું. મારે બીજું કાંઈ જોઈતું નથી. શરીર, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ તો નહિ પણ અંદર પર્યાયમાં જે શુભાશુભ રાગની વૃત્તિ ઊઠે તે પણ જોઈતી નથી, કેમકે તે મારી મૂળ ચીજ નથી. સમજાય છે કાંઈ? આવી વાત માણસને

બેસવી આકરી પડે; તેને એમ લાગે કે—ભગવાનનો મારગ આવો હશે? અત્યાર સુધી તો એમ સાંભળતાં કે—કંદમૂળ ન ખાવાં, ચોવિહાર કરવો, સામાયિક કરવી, સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું—એ ધર્મ છે. ભાઈ! સાચી વાત સાંભળ તો ખરો! કરવું... કરવું—એ બધો અજ્ઞાનભાવ છે. 'કરવું' એ 'મરવું' છે. પરનો ને વિભાવનો કર્તા થઈને આત્માના જ્ઞાનસ્વભાવને ચૂકી ગયો—આત્માને મારી નાખ્યો. મુક્તસ્વરૂપ ભગવાન જ્ઞાયકને રાગના કર્તાપણે માનવો તે જૈનધર્મ નથી, એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમયસારની ૧૫મી ગાથામાં કહ્યું છે ને—આત્માને અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ અર્થાત્ મુક્ત-સ્વરૂપ અનુભવવો તે જૈનશાસન છે—જૈનધર્મ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિનો, સત્શ્રવણનો દયા-દાન વગેરેનો શુભવિકલ્પ આવે ખરો, પણ જ્ઞાની તેમજ આત્માર્થી એમ માને છે કે—હું મુક્તસ્વરૂપ જ છું, મારે આ શુભભાવ વગેરે બીજું કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ જ્ઞાયકદ્રવ્યને પકડીને બેઠો છું. અહા! આ વીતરાગ જિનેશ્વરે કહેલો માર્ગ છે. ભાઈ! જિનેશ્વરનો આ માર્ગ તેં સાંભળ્યો નથી, બહારની હોંશમાં ને હોંશમાં તેં તારા આત્માને મારી નાખ્યો; તને તારી હોંશ-પ્રીતિ આવી નહિ, બહારની પ્રીતિમાં તારી ચીજ લૂંટાઈ ગઈ. દુનિયાની મજૂરી કરી કરીને મરી ગયો. મજૂર તો આઠ કલાક કામ કરે, અને આને તો ભલે બે-પાંચ કરોડ રૂપિયા હોય, 'આ કરું ને તે કરું' એમ ગડમથલની આખો દી મજૂરી.

પ્રભુ! તું કોણ છો? કયાં છો? કેવો છો? તારું સાચું સ્વરૂપ શું છે? એમ વિચાર કરીને અંતર્મુખ વળવાથી તને ભાસશે કે—'હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.' આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માના જેટલા-અનંત-ગુણો છે તે બધાનું અંશે પર્યાયમાં વેદન આવે છે. અરેરે! હજી તો પર્યાય શું? ને દ્રવ્ય શું? એ શબ્દ પણ સાંભળ્યા ન હોય, આખી જિંદગી પાપની મજૂરીમાં કાઢી હોય, તેને આ વાત ગ્રીક ને લેટિન જેવી લાગે. ભાઈ! આ પૈસા, બંગલા ને ફર્નિચર—એ તારી વિભૂતિ નથી, એ તો ધૂળના ઢગલા છે; તારી સાચી વિભૂતિ તો અંદર આત્મામાં છે. અંદર જ્ઞાયકદ્રવ્યને બરાબર પકડીને તેનો અનુભવ થતાં પર્યાયમાં અનંત ગુણોની અંશે નિર્મળતારૂપ જે અદ્ભુત દશા પ્રગટે છે તે સાચી વિભૂતિ છે. આત્માનુભૂતિ થતાં અનંત ગુણોની જે અંશે નિર્મળ વિભૂતિ પ્રગટ થાય છે તેને શ્રીમદે 'સર્વગુણાંશ તે સમ્યકત્વ'—એમ કહ્યું છે.

સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મનું પ્રથમ સોપાન 'હું પૂર્ણાનંદનો નાથ વિભાવથી મુક્ત જ છું, મારે બીજું કાંઇ નથી જોઈતું' એમ પરિપૂર્ણ નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો

પ્રતીતિમાં આશ્રય કરવાથી પ્રગટે છે. તે પ્રગટ થતાં—નિજ જ્ઞાયકભાવનો અનુભવ થતાં—આત્માના જે અનંત ગુણો છે તે બધા વર્તમાન પર્યાયમાં અંશે પ્રગટ થઈ જાય છે. અહા! આ કઈ જાતની ભાષા? લોકોને ગ્રીક અને લેટિન જેવી લાગે. બાપુ! વીતરાગનો માર્ગ કોઈ જુદો છે. સંપ્રદાયમાં અત્યારે આ વાત ચાલતી જ નથી. ત્યાં તો 'આ કરો ને તે કરો; વ્રત પાળો ને તપ કરો' એ બહારના ક્રિયાકાંડની જ વાતો ચાલે છે, પણ ભાઈ! એ તો મિથ્યાત્વના પોષણની વાતો છે.

ભાઈ! પરંતુ કરે કોણ? અહીં તો કહે છે કે—રાગથી પણ મુક્ત એવો નિજ ચૈતન્યદ્રવ્યનો અનુભવ થતાં, આંખમાં કણું ખટકે એમ, શુભ રાગનો અંશ પણ ખટકે છે. મંદિર બનાવવાં, પ્રતિષ્ઠા કરાવવી—એ ભાવ શુભ રાગ છે, ધર્મ નથી. વાડામાં તો—દેવ-શાસ્ત્ર-ગુરુને માનો, જાઓ, થઈ ગયું સમકિત! વ્રત લઈ લો, થઈ ગયો ધર્મ! ભાઈ! એ ધૂળમાંય ધર્મ નથી, એમ કરવા જઈશ તો રખડી મરીશ. અંદર અમૃતનો સાગર ભગવાન જ્ઞાયકદેવ કે જે નિજ વિશ્રામ સ્થાન છે ત્યાં નજર કર. તે પૂર્ણાનંદમૂર્તિ, અબદ્ધ ને મુક્ત એવા નિજ ભગવાન આત્માનું સમ્યક્ દર્શન થતાં આત્મામાં સંખ્યાએ જેટલા ગુણો છે તે બધાનું પર્યાયમાં અંશે વ્યક્ત વેદન આવે છે; તેને 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહેવામાં આવે છે.

અહા! આ માર્ગ કોઈ જુદો છે. ત્રણ લોકના નાથ વીતરાગ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં ઇન્દ્રો ને નરેન્દ્રોની સમક્ષ હાલ આ વાત કહી રહ્યા છે. સમજાય છે કાંઈ? 'હું પરિપૂર્ણ જ્ઞાયક દ્રવ્ય છું' એમ જ્યાં અંદરથી નક્કી કરે છે ત્યાં અનંતી વિભૂતિ અંશે વેદનમાં પ્રગટ થઈ જાય છે.

## * બીજે ક્યાંય રોકાવા જેવું નથી *

અહા! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાંક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આ અવસર નહિ મળે. અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ"

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

## ઇન્દ્રિયોથી ભિન્ન જ્ઞાયકને અનુભવે તે જિતેન્દ્રિય

[ શ્રી સમયસાર ગાથા-૩૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

તીર્થંકરની સાચી સ્તુતિ કેવી રીતે કરવી ?–કે જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષને ટાળવાથી તીર્થંકરની નિશ્ચયસ્તુતિ કરી કહેવાય જડેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો–પરદ્રવ્ય, તે ત્રણે ઇન્દ્રિયો છે, તેને જીતવાથી જિતેન્દ્રિય થવાય છે. ત્રણે ઇન્દ્રિયોને પોતાના જ્ઞાનસ્વભાવ વડે જ્ઞાયકથી ભિન્ન જાણવી તે જ ઇન્દ્રિયોનું જીતવું છે. ભગવાન હોય કે ભગવાનની વાણી હોય તે સઘળાય ઇંદ્રિયના વિષય હોવાથી ઇન્દ્રિય છે, તેઓ જ્ઞાયકનું પરજ્ઞેય છે. જ્યાં સુધી જ્ઞાયકભાવને જ્ઞેયસાથે એકરૂપ માને છે ત્યાં સુધી જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ લાગે છે, એટલે કે ત્યાં સુધી મિથ્યાત્વ છે, તેનો પરિહાર કરવાથી અર્થાત્ જ્ઞેય–જ્ઞાયકની ભિન્નતા કરવાથી આત્મામાં નિશ્ચયસ્તુતિ પ્રગટે છે. સ્વાત્માની નિશ્ચયસ્તુતિ તે જ પરમાત્માની સ્તુતિ છે. અહીં જડેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો–ત્રણે ઇન્દ્રિયોને ભેદ અભ્યાસની પ્રવિણતા વડે જ્ઞાયકથી ભિન્ન કરી જ્ઞાયકને અનુભવવાની વાત કરે છે.

તીર્થંકર કેવળીની નિશ્ચયસ્તુતિ કોને કહેવાય તે સમજાવતાં આચાર્યદેવ પ્રથમ તો જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષના પરિહારરૂપ પહેલી નિશ્ચયસ્તુતિનું વર્ણન કરે છે.

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

શરીર રાગ આદિ જ્ઞેય છે, જડ-ઇન્દ્રિય, ભાવ–ઇન્દ્રિય તથા તેના વિષયો તે પણ ઇન્દ્રિય છે. તેઓ જાણવા લાયક પરજ્ઞેયો છે. અનાદિથી તે પરજ્ઞેયો ને જ્ઞાયકનો મિશ્રપણે સંકરદોષ કરતો આવ્યો છે. જ્ઞાયકમાં અસ્તિપણું સ્થાપવાને બદલે પરજ્ઞેય તે હું છું એવી મિથ્યા માન્યતા તે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ છે.

જડ-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય તથા તેના વિષયોથી ભિન્ન એક અખંડ જ્ઞાયકને અનુભવવો તેનું નામ પરમાત્માની નિશ્ચયસ્તુતિ છે. અરિહંત પરમાત્માના શરીર, દિવ્યવાણી આદિ પુણ્યપ્રકૃતિનું ચિંતવન કે ગુણગાન કરવાથી અરિહંતદેવની નિશ્ચય-સ્તુતિ થતી નથી. પરંતુ જેવો નિજ પરમાત્મા છે તેનો તેવો વાસ્તવિક સ્વીકાર કરવો તેનું નામ ઇન્દ્રિયોનું જીતવું છે, તે જ પરમાત્માની સાચી સ્તુતિ છે.

ભગવાન આત્મા અણેન્દ્રિય હોવાથી તેની અપેક્ષાએ ભગવાન, ભગવાનની દિવ્યવાણી કે મુનિઓનાં વૃંદ બધું જ ઇન્દ્રિય છે. કેમકે તેઓ ઇન્દ્રિયનો વિષય છે. વીતરાગી દેવ એમ ફરમાવે છે કે અમે તો તારી ઇન્દ્રિયનો વિષય છીએ અને તું તારી અણેન્દ્રિયનો વિષય છે, તું તને વિષય બનાવીને જાણ તે જ અમારી સ્તુતિ છે.

કેવળી પરમાત્માની નિશ્ચયસ્તુતિના ત્રણ પ્રકાર છે. તે ક્રમે થાય છે. પ્રથમ જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર તે જિતેન્દ્રિય; બીજો પ્રકાર જિતમોહ ને ત્રીજો પ્રકાર ક્ષીણમોહ. અહીં પ્રથમ પ્રકારની નિશ્ચયસ્તુતિનું આ વર્ણન ચાલે છે. જડ-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય અને તેના વિષયોને જીતવાથી જ્ઞેયજ્ઞાયક સંકરદોષ દૂર થાય છે. ત્રણે પ્રકારની ઇન્દ્રિયોનું જીતવું એકીસાથે થાય છે, ક્રમ પડતો નથી, માત્ર સમજાવવામાં ક્રમ પડે છે.

## ❀ જડ ઇન્દ્રિય અને તેનું જીતવું ❀

જડ-ઇન્દ્રિય છે તે શરીરના પરિણામરૂપ પર્યાય છે. શરીરના પરિણામને જડ ઇન્દ્રિય કહે છે, તેને જીતવી એટલે કે જડ-ઇન્દ્રિયથી ભિન્નપણે જ્ઞાયકને અનુભવવો તે જિતેન્દ્રિય જિન છે.

કર્મ સાથેનો સંબંધ અનાદિથી અર્થાત્ અવધિ-મર્યાદા રહિત છે. છતાં તેના કારણે નહિ, તેના લીધે નહિ, પણ પોતે તેને વશ થઈને પોતે તેને તાબે થઈને વિકારરૂપ પરિણમતો આવ્યો છે. કર્મો જીવને વિકારરૂપ પરિણમાવતા નથી પરંતુ પોતે કર્મોના ઉદયને આધીન થઈને વિકારરૂપ પરિણમે છે. પર્યાયમાં ઇશ્વરનય નામનો એક ધર્મ એવો છે કે જીવ સ્વતંત્રપણે કર્મના ઉદયને વશ થાય છે. પર્યાયનો એક ધર્મ એવો છે કે પોતે જ પોતાની મેળે પરાધીન થાય છે. એ રીતે અજ્ઞાની અનાદિથી કર્મને વશ થયો થકો વિકારરૂપ પરિણમી રહ્યો છે. તેથી તે એમ માને છે કે શરીર તે હું છું, શરીરની ક્રિયા તે મારી છે, આંખ મારી, કાન મારા એમ જડ-ઇન્દ્રિયો સાથે એકત્વ કરી રહ્યો છે.

જ્યાં સુધી જડ ઇન્દ્રિયોમાં એકતાપણું વર્તી રહ્યું છે ત્યાં સુધી તેને સ્વ-પરના વિભાગરૂપ ભેદજ્ઞાન અસ્ત થઈ ગયું છે. કર્મના ઉદયને વશ થઈ જવાથી પ્રભુ જ્ઞાયક સ્વ ને શરીર પર એમ સ્વ-પરની જુદાઈ અસ્ત પામી છે.

નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવિણતાથી, નિર્મળ ભેદજ્ઞાનની કળા દ્વારા પ્રાપ્ત અંતરંગમાં અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવના અવલંબન વડે ધર્મી જડ-ઇન્દ્રિયને જુદી કરે છે. જડ-ઇન્દ્રિયને જીતવાની તે એક જ રીત છે કે સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા અતિ સૂક્ષ્મ નિજ પરમાત્મસ્વભાવનું અવલંબન લઈને ઇન્દ્રિયોને ભિન્ન જાણવી. સ્વ-પરનો એકરૂપ અનુભવતો હતો તેને હવે ભેદજ્ઞાન દ્વારા નિજ સ્વભાવના અવલંબન વડે સ્વથી ભિન્નપણે જાણવી તે જ ઇન્દ્રિયોનું જીતવું છે.

### * ભાવ-ઇન્દ્રિય અને તેનું જીતવું *

જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતાં અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ ભાવેન્દ્રિયોનું જીતવું થયું.

શ્રોત્રની ભાવેન્દ્રિય શબ્દને જાણે. તે રીતે એક એક ઇન્દ્રિયો પોતપોતાના વિષયો દ્વારા જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે તે ભાવેન્દ્રિય છે, જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી-માનવી તે પણ સંસાર છે. અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ તે પણ ઇન્દ્રિયજ્ઞાન છે, તે જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે.

જ્ઞાનની પર્યાય ખંડખંડરૂપ થતી હતી કારણ કે તેનું વલણ બહિર્મુખ હતું; જ્યારે, જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળીને અખંડ જ્ઞાયકમાં એકત્વ કરે છે અર્થાત્ જ્ઞાનની પર્યાય અંતર્મુખ થઈને અખંડ જ્ઞાયકને લક્ષમાં લે છે ત્યારે એક અખંડ ચૈતન્યશક્તિ પ્રતીતિમાં આવે છે. અખંડ ચૈતન્યશક્તિની પ્રતીતિ દ્વારા ભાવેન્દ્રિયોને સર્વથા પોતાથી ભિન્ન જાણવી—અનુભવવી તે જ ભાવેન્દ્રિયનું જીતવું છે, તે જ જિતેન્દ્રિયતા છે ને તે જ સમ્યગ્દર્શન છે.

એક એક વિષયને જાણતું જ્ઞાન તે અખંડને જણાવતું નથી પણ જ્ઞાનને ખંડખંડરૂપ જાણે છે. અખંડ જ્ઞાયકતત્ત્વ ખંડખંડ જ્ઞાનથી સર્વથા ભિન્ન છે એવી જે અખંડ જ્ઞાયકના આશ્રય પૂર્વકની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

### * ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો અને તેનું જીતવું *

ભગવાન ને ભગવાનની વાણી, શાસ્ત્ર આદિ ભાવેન્દ્રિય દ્વારા ગ્રહવામાં આવતાં ઇન્દ્રિયોના વિષયો છે, જણાવાયોગ્ય પરજ્ઞેયો છે. ભગવાનની વાણીથી કે શાસ્ત્રથી અર્થાત્ ઇન્દ્રિયના વિષયોથી મને લાભ થશે એવી માન્યતા જ મિથ્યા છે. ઇન્દ્રિયના વિષયથી લાભ થશે એમ માનનાર પરજ્ઞેયને તથા જ્ઞાયકને એકરૂપ માને છે. ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ

સંબંધની નિકટતાને લીધે જાણે તેઓ પરસ્પર એકમેક થઈ ગયેલા હોય એમ દેખાવાથી પરજ્ઞેયોનું તથા રાગનુ જ્ઞાન થતાં તેનાં લીધે જ્ઞાન થયું એવી એકતા બુદ્ધિ અજ્ઞાનીને વર્તે છે. જે કોઈ ઇન્દ્રિયના વિષયો છે તથા રાગાદિ છે તે સઘળાય જણાવા લાયક પરજ્ઞેયો છે-ગ્રાહ્ય છે ને તેને જાણતી જ્ઞાનની પર્યાય તે ગ્રાહક છે, તે બંને સર્વથા ભિન્ન છે પરંતુ જ્યાં સુધી ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયોને જ ગ્રાહ્ય બનાવે છે ત્યાં સુધી અજ્ઞાનીને તે બે વચ્ચે પરસ્પર એકપણું અનુભવાય છે.

ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેય એવા નિજ ચૈતન્ય-તત્ત્વને ગ્રાહ્ય બનાવે છે ત્યારે પોતાની ચૈતન્યશક્તિનું અસંગપણું અનુભવવામાં આવતાં ઇન્દ્રિયના વિષયોથી સર્વથા ભિન્નપણું પ્રગટ થાય છે, તે જ ઇન્દ્રિયના વિષયનું જીતવું છે.

ભગવાનની વાણી સાંભળતા જ્ઞાન થયું કે શાસ્ત્ર વાંચન કરતાં જ્ઞાન વધતાં જાણે તેના લઈને જ્ઞાન થયું અથવા તો પર પદાર્થોને જાણતાં જાણે પરપદાર્થના લીધે મને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. પરજ્ઞેય ને જ્ઞાન જાણે એકરૂપ થઈ ગયા હોય એમ અજ્ઞાનીને દેખાય છે, પરંતુ તેમના વચ્ચે ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધ છે, તેઓ એકમેક થયા નથી.

ખરેખર તો સ્વગ્રાહ્યગ્રાહકપણામાં પણ એકરૂપપણું નથી, ધ્રુવ ને કેવળજ્ઞાન સંયોગ સંબંધે રહ્યા છે. જે કોઈ નવી પર્યાય થાય છે તે ધ્રુવને સંયોગ સંબંધે છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે. છતાં સમ્યગ્દર્શનની પર્યાય તે ધ્રુવને સંયોગી છે. વળી બીજા સમયે તે પર્યાયનો વ્યય થાય છે તે ધ્રુવને તેનો વિયોગ છે.

ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યાં પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યાં ગ્રાહ્ય એવા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનંત ગહનશક્તિનું જ્ઞાન કરવા જતાં જ્ઞાનની પર્યાય પણ ગહન બની જાય છે. ગ્રાહક પર્યાયમાં સ્વ-પર બન્ને જ્ઞેયને જાણવાની તાકાત છે, પરંતુ ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યારે સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યારે સ્વ-શક્તિની ગહનતાને જાણતા જ્ઞાનની પર્યાય પણ ગહનતાને પામે છે.

સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય-ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

એ રીતે જડ-ઇન્દ્રિય ભાવ-ઇન્દ્રિય અને તેના વિષયોને જીતીને જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ દૂર કરીને જ્ઞાનસ્વભાવ વડે સર્વથી અધિક જે આત્માને જાણે છે તે જિતેન્દ્રિય જિન છે. [ અનુસંધાન માટે જુઓ પાનું-૧૬ ]

સર્વ સિદ્ધાંતોનો સાર :—

# હું જ પરમાત્મા છું—એમ નક્કી કર

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૨૭ ]

આ યોગસાર શાસ્ત્ર છે. દેહ, મન, વાણી આદિ જડ પદાર્થ અને પુણ્ય-પાપ આદિ વિકારીભાવથી જુદા શુદ્ધ સચ્ચિદાનંદ નિજ આત્મામાં જોડાણ કરવું તેનું નામ યોગસાર છે.

અહીં ૭૪ મી ગાથામાં દૃષ્ટાંત આપીને યોગીન્દ્ર મુનિરાજ સમજાવે છે કે :—

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય,<br>
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોક પ્રધાન. ૭૪.

જેમ બીજમાં વડ છે તેમ આ આત્મ સ્વભાવમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ શક્તિરૂપે ભર્યું છે. જેમ લીંડી પીપર કદમાં નાની અને રંગમાં કાળી હોય છતાં તેની અંદરમાં ૬૪ પહોરી એટલે પૂરેપૂરી તીખાશ ભરી છે. તો તેને ઘસતાં બહારમાં તીખાશ પ્રગટ થાય છે. અંદરમાં તીખાશ હતી તો બહાર આવી. માટે પ્રાપ્તની પ્રાપ્તિ છે. તેમ દરેક આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતગુણોની પૂર્ણ શક્તિ અંતરમાં પડી છે, તેમાંથી તે પ્રગટ થાય છે. આ ભગવાન આત્માના અંતર સત્વમાં-ધ્રુવ શક્તિમાં પૂર્ણ જ્ઞાન આનંદ વ્યાપક છે. પણ આ જીવને જગતની ચીજોની તો મહત્તા આવે છે પણ પોતાના સ્વભાવની મહત્તા આવતી નથી.

વડના બીજમાં વડ છે તો તેમાંથી વડ થાય છે. બીજમાં વડ ન હોય તો વડ ક્યાંથી થાય? કાંકરા વાવીને એમાં પાણી તો શું દૂધ પાય તોપણ તેમાંથી વડ ન થાય. કેમ કે કાંકરામાં વડ થવાની તાકાત નથી. અરે! લીંબોળીમાં પણ વડ થવાની તાકાત નથી. વડના બીજમાં જ વડ થવાની તાકાત છે. આ બધું લોજિકથી-ન્યાયથી સમજવું જોઈએ.

કૂવામાં પાણી હોય તો અવેડામાં આવે. કેમ કે પ્રાપ્તની પ્રાપ્તિ થાય. દરેક આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન, આનંદ આદિની તાકાત પ્રાપ્ત છે, તેમાંથી પર્યાયમાં તેની પ્રાપ્તિ થતાં પરમાત્મા થવાય છે.

લોટાના આકાર જેવો જ અંદરમાં રહેલાં પાણીનો આકાર છે પણ એ પાણીનો

આકાર લોટાથી ભિન્ન છે. તેમ આ ચિદાનંદ ભગવાન આત્મા કે જે શરીરની અંદર રહેલો છે તેનો આકાર શરીર જેવો છે પણ તે શરીરથી ભિન્ન છે.

આ આત્માના સ્વભાવમાં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ અનંત શક્તિ ભરી છે. જેનો સ્વભાવ જ જાણવાનો છે તે કોને ન જાણે? સ્વભાવને મર્યાદા શેની? એ તો બધાંને જાણે. સ્વભાવને મર્યાદા ન હોય.

આત્માના દરેક ગુણો અમાપ છે. અમાપ આનંદ, અમાપ શાંતિ, બેહદ જ્ઞાન, બેહદ દર્શન આદિ બધી અમાપ શક્તિઓનો રસકંદ તે આત્મા. આવો આ આત્મા શરીર પ્રમાણ હોવા છતાં ત્રણલોકમાં મુખ્ય-પ્રધાનપદે છે.

જે પરમાત્મા થઈ ગયા તે પોતાની સ્વતંત્ર શક્તિથી થયા છે અને જે પરમાત્મા થશે તે પણ પોતાની સ્વતંત્ર શક્તિથી થશે કેમ કે દરેક આત્માની શક્તિ સ્વતંત્ર છે. જેમ લાખો-કરોડો લીંડીપીપરની ગુણો ભરી હોય, તેમાંની દરેકે-દરેક પીપર ૬૪ પહોરી પૂર્ણ શક્તિથી ભરી છે તેમ અનંતા આત્માઓ પોત-પોતાની સ્વતંત્ર શક્તિથી બિરાજમાન છે.

આવા આત્માને હે જીવ! તું શરીરથી ન જો! કર્મથી ન જો! પર્યાયના ભેદથી ન જો! પણ એકરૂપ સ્વભાવથી જો!! સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી જ શ્રદ્ધા-જ્ઞાનમાં બધી શક્તિઓની ઝલક પ્રગટ થાય છે, અનુભવમાં આવે છે. વર્તમાન પર્યાયમાં રાગ દેખાય છે તે સ્વભાવ નથી. તેનો નાશ થતાં સ્વભાવ પ્રગટ થશે. અલ્પજ્ઞતા દૂર થતાં પૂર્ણતા પ્રગટ થશે. રાગમાંથી કે અલ્પજ્ઞતામાંથી પૂર્ણતા આવતી નથી. પૂર્ણતા સ્વભાવમાંથી પ્રગટ થાય છે.

જેમ પીપરને તેની શક્તિના સત્વથી જોઈએ તો અલ્પ તીખાશ કે કાળાપણું તેનામાં નથી. તે તો પૂર્ણ તીખાશ અને લીલા રંગથી ભરેલું તત્ત્વ છે. તેમ ભગવાન આત્માને તેના સ્વભાવથી જોઈએ તો કર્મ કે તેના સંગે થયેલો વિકાર કે કર્મના ઉદયની વધઘટથી થયેલી હિનાધિકતા એ કાંઈ તેના સ્વભાવમાં નથી. સિદ્ધાંત સમજાવવા માટે આ બધાં દૃષ્ટાંત અપાય છે. તેમાંથી સિદ્ધાંત તારવવાનો છે.

જગતના જીવો ભણી-ભણીને ભણ્યા, પણ સાચું ભણતર ભણ્યા નહિ. શાસ્ત્ર ભણીને પણ તેનો સાર સમજે તો શાસ્ત્ર ભણતર કામનું છે. પોતાનું સ્વરૂપ શું છે? કેવું છે? તેનો જીવે કદી વિચાર કર્યો નથી.

પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પ્રભુતા, શાંતિ આદિ પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ કરતા જે નવી પર્યાય વર્તમાનમાં પ્રગટ થાય તેની પણ ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિમાં અપેક્ષા રહેતી નથી. અનાદિ અનંત સત્...સત્...સત્ છે...છે...છે, જેની આદિ નહિ, ઉત્પત્તિ નહિ અને નાશ પણ નહિ એવું આત્મતત્ત્વ છે. તેની દરેક શક્તિ પણ

ત્રિકાળ સત્ છે. ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરનારને શરીર તો નહિ, વિકાર તો નહિ, અધૂરી નિર્મળ પર્યાય તો નહિ પણ પૂર્ણ નિર્મળ પર્યાય જેટલો પણ આત્મા દેખાતો નથી. પૂર્ણ...પૂર્ણ... નિર્મળ એકરૂપ વસ્તુ જ દૃષ્ટિમાં દેખાય ત્યારે જ પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. માટે આવી દૃષ્ટિ કરવી તે જ એક મુક્તિનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

દૃષ્ટિના જોરે જ્યારે કર્મ કે કર્મના નિમિત્તે થયેલાં પરિણામ તે હું નહિ, હું તો પરિપૂર્ણ અખંડાનંદ એકરૂપ શુદ્ધ તત્ત્વ છું એમ જ્યારે દૃષ્ટિ આત્માનો સ્વીકાર કરે ત્યારે અંતરમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ-આનંદના ફણિયા પ્રગટ થાય છે. માટે જેને સુખ, શાંતિ અને સ્વતંત્રતા જોઈતી હોય તેણે પૂર્ણાનંદ પ્રભુની દૃષ્ટિ કરવી તે જ એક ઉપાય છે.

ચૈતન્ય સ્ફટિકના સ્વભાવમાં પૂર્ણ નિર્મળતા છે. પુણ્ય-પાપના લાલ-કાળા ડાઘનો તેમાં પ્રવેશ નથી. આવી દૃષ્ટિ કરવી તે ધર્મદૃષ્ટિ છે. ધર્મદૃષ્ટિવંત જીવો જ સુખી છે. તે સિવાય ઇન્દ્ર, નરેન્દ્ર, રાજા-મહારાજા, અબજોપતિ શેઠિયા એ બધાં ભિખારા છે, દુઃખી છે.

સ્વભાવદૃષ્ટિથી જોતાં દરેક આત્મા એક સમાન દેખાય છે, માટે કોઈ શત્રુ કે કોઈ મિત્ર નથી, તેથી સ્વભાવ દૃષ્ટિવંતને કોઈ ઉપર રાગ-દ્વેષ થતો નથી એ પણ ભગવાન છે. જ્યારે એ પોતાનું ભગવાનપણું સંભાળશે-સ્વીકારશે ત્યારે એ પણ ભગવાન બની જશે. દરેકમાં પરમાત્મશક્તિ ભરી પડી છે. માટે નિર્ગ્રંથ મુમુક્ષુને ઉચિત છે કે તેણે સમતાસ્વભાવમાં સ્થિર થવું, લીન થવું, રમવું. સર્વ નયોના વિચારથી પણ મુક્ત થઈને આત્મઆનંદમાં મસ્ત થવું.

હવે ૭૫ મી ગાથામાં કહે છે કે જે પરમાત્મા છે તે જ હું છું—

> જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત,
> હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર. ૭૫.

આત્માની પૂર્ણ વીતરાગ દશાને પ્રાપ્ત થયેલાં પરમાત્મા છે તે હું જ છું કેમ કે હું જ પોતે પરમાત્મા થવાને લાયક છું. યોગીન્દ્ર દેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો આમ પહેલાં નક્કી કર! નિર્ણય કર કે "હું જ પરમાત્મા છું."

જેણે આત્મામાંથી રાગ-દ્વેષનો નાશ કર્યો, અલ્પજ્ઞતાનો નાશ કર્યો અને વીતરાગ, સર્વજ્ઞપણું પ્રગટ કર્યું તેવા પરમાત્મા જેવો જ હું છું. મારી અને પરમાત્માની જાતમાં કાંઈ ફેર નથી. ભગવાન સર્વજ્ઞે જે દશાને પ્રાપ્ત કરી તેવી દશાને ધરનારો શક્તિવાન હું પોતે જ જિનેન્દ્ર છું.

જેમ તલમાંથી કાઢેલા સ્વચ્છ તેલ જેવું જ તેલ તલમાં ભર્યું પડ્યું છે તેમ વીતરાગે જેવી દશા પ્રગટ કરી છે તેવો જ હું છું. આવા આત્માનો દૃષ્ટિમાં સ્વીકાર કરવો તે સુખ પામવાનો-પરમાત્મા થવાનો સરળ-સીધો ઉપાય છે. આવી વાત સાંભળવા મળવી પણ બહુ દુર્લભ છે.

દરેક આત્મા સ્વભાવે-શક્તિએ એક સમાન છે. જેણે એ સ્વભાવનું અવલંબન લઈ પૂર્ણદશા પ્રગટ કરી તે પરમાત્મા થયા. હું પણ એ દશા પ્રગટ કરવાને લાયક છું માટે હું પણ પરમાત્મા છું, જિનેન્દ્ર છું.

જેમ બરફની શીતળ શિલામાં ખૂણે-ખાંચરે, ઉપર-નીચે, મધ્યમાં કયાંય ગરમીનો અંશ પણ ન હોય તેમ આ અવિકારી ચૈતન્ય પિંડમાં કયાંય કષાય; રાગ-દ્વેષ નથી એવી વીતરાગ શાંતરસની શિલા આત્મા છે. ભગવાન આત્મા દેહથી રહિત, શુભા-શુભભાવથી રહિત અરૂપી ચિદ્ઘન વીતરાગી ચૈતન્યની શિલા છે.

ભગવાન કહે છે અરે પ્રભુ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત-ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર! શક્તિએ બધાં આત્મા ભગવાન છે. તું તારી ચૈતન્યસત્તાનો સ્વીકાર કર! જાણવું... જાણવું...જાણવું. આ જાણવાની જ્ઞાનશક્તિની બેહદતા, અચિંતત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું. અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન-આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં-સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે.

જ્ઞાન-આનંદસ્વરૂપ આત્માનો સ્વીકાર ન કરવો અને રાગ-દ્વેષનો સ્વીકાર કરવો તે જ ખરેખર હિંસા છે, કેમકે તેમાં પોતાના સ્વરૂપનો અનાદર થાય છે. પીપરમાં રહેલી ૬૪ પહોરી તીખાશ અને લીલારંગની જે ના પાડે છે તે પીપરના સ્વભાવનો ઘાત કરે છે કેમ કે તેમાં અસ્તિની નાસ્તિ થાય છે. તેમ સત્ સ્વરૂપ પોતાના ભગવાન આત્માનો અસ્વીકાર કરતાં અસ્તિસ્વરૂપની નાસ્તિ થાય છે તે જ હિંસા છે.

આ શાસ્ત્રમાં તો એકલા તત્ત્વના સિદ્ધાંતો જ ભર્યા છે. ભ્રાંતિ છોડીને નિર્ભ્રાંતપણે એમ ભાવના કર કે 'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ-દ્વેષની અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ, અખંડ વીતરાગ છું, ભગવાન જ છું એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ. કેટલું જોર હોય ત્યારે આવો નિર્ણય થઈ શકે!

ભાઈ! તારું જોડાણ અત્યારે પરદ્રવ્ય અને પરભાવમાં થઈ રહ્યું છે તે તને દુઃખનું કારણ છે. તેને છોડીને સ્વદ્રવ્યમાં જોડાણ કર તો તને સુખ થશે. ભગવાન

આત્માના પૂરણસ્વભાવમાં જે જીવ દૃષ્ટિ-જ્ઞાનને જોડે છે તે જ યોગી છે યોગીનો એ વેપાર તે જ યોગ અને યોગ તે જ ધર્મ છે. આવું યોગીપણું પ્રગટ કર્યા વિના ગમે તેટલા વ્રત-તપ કરે તોપણ આત્માનું કલ્યાણ થાય તેમ નથી. સર્વજ્ઞપિતાએ વારસામાં આપેલી જિનવાણીના પાના ખોલીને જીવ ભાવથી વાંચે તો તેને સાચું સ્વરૂપ સમજાય છે.

પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય તેનું નામ મોક્ષ અને એવા પોતાના ત્રિકાળ પૂર્ણાનંદ સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન કરીને તેમાં એકાકાર થવું તે એક જ મોક્ષનો ઉપાય છે. આત્માનું ત્રિકાળ પૂર્ણસ્વરૂપ જેવું છે તેવું જ શ્રદ્ધામાં સ્વીકારવું, જ્ઞાનમાં લેવું અને તેમાં સ્થિર થવું તે જ પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષનો ઉપાય છે. જેવું જિનેન્દ્રનું સ્વરૂપ છે તેવું જ આ આત્માનું મૂળ સ્વરૂપ છે. માત્ર બંનેની સત્તા જ જુદી છે.

નિશ્ચયથી પોતાના આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા તે જ મોક્ષ છે અને વર્તમાનમાં જેટલી અંતરમાં એકાગ્રતા છે તેટલો ધર્મ છે અને જેટલો શુભાશુભનો વિકલ્પ છે તે બધો અધર્મ છે. જે જીવ ભગવાન અરિહંત, સિદ્ધના સ્વરૂપને એટલે કે તેમનું દ્રવ્ય, અનંતી શક્તિઓ અને વર્તમાન અવસ્થાને જાણે તેને પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાનો પ્રયત્ન થાય. આમ ભગવાન જેવા જ પોતાના આત્માનો સ્વીકાર કરવો, તેમાં એકાકાર થવું તે જ સ્વાનુભવની કળા છે.

સ્વભાવની કિંમત આવતાં રાગ-દ્વેષ, પૈસા, ભોગાદિની કિંમત ઊડી જાય છે. અતીન્દ્રિય સુખની દૃષ્ટિ થતાં ઈન્દ્રિયસુખ અને તેના નિમિત્તો સંયોગી પદાર્થ અને પુણ્ય-પાપભાવની કિંમત ઊડી જાય છે. મનુષ્યદેહમાં આ વસ્તુ પામવાનો અમૂલ્ય અવસર છે તેને જો જીવ ચૂકી જશે તો ચોરાશીના અવતારની ખીણમાં ડુબી જશે ત્યાંથી તેને બચાવનાર કોઈ નથી. —*— ( ક્રમશઃ )

[ ઇન્દ્રિયોથી ભિન્ન......પેજ નં. ૧૧ થી ચાલુ ]

## * કેવો છે જ્ઞાનસ્વભાવ *

જ્ઞાનસ્વભાવ રાગાદિમાં નથી ને બીજા જીવોમાં પણ આ જ્ઞાનસ્વભાવ નથી તેથી જ્ઞાનસ્વભાવ વડે સર્વથી અધિક આત્માને જે જાણે છે તે જિતેન્દ્રિય જિન છે. કેવો છે જ્ઞાનસ્વભાવ? કે સમસ્ત પદાર્થોને જાણવા છતાં તે રૂપ થતો નથી ને તેનાથી ભિન્ન રહે છે. સમસ્ત વિશ્વને જાણવા છતાં તેનાથી અલિપ્ત રહેતો થકો વિશ્વની ઉપર તરતો જ્ઞાનસ્વભાવ છે. કષાયની મંદતાના અવલંબન વિના પ્રત્યક્ષ ઉદ્યોતરૂપ જ્ઞાનસ્વભાવ પ્રકાશમાન જ્યોતિ છે, અવિનશ્વર છે, સ્વતઃસિદ્ધ ને પરમાર્થ સત્ છે-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. જેણે આવો ભગવાન અનુભવમાં લીધો તેણે ભગવાન જ્ઞાનસ્વભાવ છે તેમ સ્વીકાર્યું છે ને તે જ જિતેન્દ્રિય જિન છે. —*—

# પ્રભુ ! તારી પ્રભુતાનો વિશ્વાસ કર !

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી. ]

[ સળંગ પ્રવચન નં. ૨૨ ]

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઇષ્ટોપદેશ ગ્રંથ છે. તેમાં ૫૧ શ્લોકોમાં આત્માનું હિત કેમ થાય તે વાત બતાવી છે. અહીં આપણે ૨૨મી ગાથા ચાલે છે.

૨૧ મી ગાથામાં કહ્યું કે આત્મા લોકાલોકને જાણનારો છે, નિત્ય છે, શરીર પ્રમાણ છે અને અનંત સુખ સ્વરૂપ છે. આવો આ આત્મા સ્વસંવેદન પ્રમાણથી જાણી શકાય છે એટલે કે જ્ઞાન પોતે જ પોતાને પોતાથી જાણી શકે એવું સ્વસંવેદન-ગમ્ય આત્માનું સ્વરૂપ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આવા આ આત્માની ઉપાસના કેવી રીતે કરવી? સેવા કેવી રીતે કરવી અને તેમાં એકાગ્રતા કેમ કરવી? કે જે કરવાથી આત્માનું હિત થાય.

ઇન્દ્રિયવિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્માને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

સારમાં સાર આ વાત છે. ભગવાનની સેવા તો શુભભાવ છે. આત્માની સેવા કરવી તે ધર્મ છે. તેથી શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી? અમારું હિત અમારે કેવી રીતે કરવું? જુઓ! શિષ્ય પ્રશ્ન પણ કેવો પૂછે છે! એમ નથી પૂછતો કે અમે મંદિર બંધાવીએ, શુભભાવ કરીએ તો અમને ધર્મ થાય ને? તેને મુનિરાજ ઉત્તર આપે છે.

આ તો ત્રિલોકીનાથ પરમાત્માએ આપેલો ઇષ્ટ ઉપદેશ છે. આત્માનું અનાદિ સનાતન સત્યસ્વરૂપ જ એવું છે કે તે સ્વ-પરને જાણનારો છે. પોતાને પોતાથી જાણનારો છે, જડ પદાર્થો અને તેની ક્રિયાને જાણનારો છે અને શુભાશુભ ભાવોને પણ જાણનારો છે. આત્માનો જાણવાનો સ્વતઃસ્વભાવ હોવાથી જાણવાની ક્રિયામાં તેને અન્ય દ્રવ્યોની સહાયની જરૂર પડતી નથી. તેમ પોતાના સ્વભાવમાં એકાગ્ર થવામાં પણ તેને અન્ય કારકો ( સાધનો )ની જરૂર નથી.

ઇન્દ્રિયવિષયો અને શુભાશુભ વિકલ્પો છોડી પોતાના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને

રમણતા આત્મા પોતે જ પોતાથી કરે છે. પોતાના સ્વભાવની સાધના કરવા માટે આત્માને અન્ય કારકોની જરૂર નથી. આ ઉપદેશનું નામ જ ઇષ્ટ ઉપદેશ છે. આ ઉપદેશ આત્માનું હિત કરવાવાળો છે. જડની ક્રિયાથી કે શુભભાવથી હિત થાય એવો ઉપદેશ તે ઇષ્ટ-ઉપદેશ નથી.

ભગવાન! તારામાં શું અપૂર્ણતા છે કે તારે પરની સહાય લેવી પડે! તું તો પૂર્ણાનંદરૂપ મુક્તિનો નાથ છો–સ્વામી છો.

દિગંબર સંત પૂજ્યપાદસ્વામી જગતને હિતનો ઉપદેશ આપે છે કે હે જીવો! તમારું અનાદિ અનંત શાશ્વત અસ્તિત્વ છે. તમે જ્ઞાન–દર્શન આદિ અનંત ગુણોના પિંડ સ્વરૂપ પરમાત્મા છો. તેમાં એકાગ્રતા કરવાનું સાધન પણ તમારામાં છે. સ્વાત્માને સાધવાનું સાધન શરીરની ક્રિયા કે શુભાશુભ ભાવોમાં નથી. તમારા સ્વભાવમાં જ સાધન છે. માટે તમે ચિંતા છોડો અને સ્વભાવને સાધો.

અહા! એ લીટીમાં તો આખા જૈનશાસનનો સાર ભરી દીધો છે.

પ્રભુ! તમે તો પૂર્ણાનંદના નાથ છો ને! તમારે અંતર એકાગ્રતા કરવા માટે બિલકુલ પરના સાધનોની જરાય આવશ્યકતા નથી. આ સંવર–નિર્જરાની ક્રિયા ઉત્પન્ન કરવાની વાત ચાલે છે. શરીરાદિ પરદ્રવ્યથી ભિન્ન, કર્મથી, પુણ્ય–પાપ ભાવથી પણ ભિન્ન આત્મા પોતાના સ્વભાવથી સંપન્ન છે.

ભાઈ તું શાંત થા! ધીરો થા! તારી પ્રભુતા પ્રભુ! તારી પાસે જ છે અને અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છે. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમોસરણમાં આ વાત ફરમાવતાં હતાં. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો તું વિશ્વાસ કર! પ્રતીતિ લાવ!

શુભાશુભ ભાવ અને તેમાં હર્ષ–શોકની કલ્પનારૂપ વિકાર પર્યાયમાં છે પણ સ્વરૂપમાં તે નથી. એ તો ઉપરના ગુમડા છે તે સ્વભાવમાં નથી. પરદ્રવ્ય, પરભાવને પોતાના માનવાં કે તેનો કર્તા થવું તે આત્માના સ્વભાવમાં નથી સ્વ–પરને જાણવાનો સ્વભાવ ત્રિકાળ છે. તેની સન્મુખ દૃષ્ટિ કરવાનું સાધન પણ સ્વભાવમાં છે. તેથી તેમાં પણ તેને પરસહાયની જરૂર નથી. સ્વભાવના સાધનામાં શુભભાવ પણ મદદગાર નથી. શુભભાવની જ્ઞાનમાં જ્ઞેય થવાની લાયકાત છે અને જ્ઞાનમાં તેને જાણવાની તાકાત છે. પણ તેનાથી આત્માનું હિત થશે તે વાત નથી.

શિષ્યના પ્રશ્નના જવાબમાં મુનિરાજ મૂળ પૂંજીની વાત કરે છે. ભગવાન! તું

તો પરિપૂર્ણ ગુણથી ભર્યો છો ને! તારી પર્યાય વર્તમાનમાં એકાંત પરલક્ષી અને એકાંત પરને જાણવાવાળી થઈ છે તે તારો સ્વભાવ નથી. પરને પોતાના માનવા કે તેનો કર્તા થવું એ તો તારા સ્વભાવમાં છે જ નહિ પણ સ્વને જાણ્યા વિના એકલા પરને જાણવું એ પણ તારી પર્યાયનો વાસ્તવિક સ્વભાવ નથી. સ્વ-પર બંનેને જાણવાનો તારો સ્વભાવ છે. સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં જ પર્યાયમાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ પ્રગટ થાય છે.

સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પર રૂપા ભાસી.

ભગવાન એમ ફરમાવે છે કે જીવની સ્વ-પર પ્રકાશક શક્તિ તે તેનો સ્વભાવ છે, તેથી સ્વ-પર પ્રકાશક પર્યાય પ્રગટ કરવામાં તેને કોઈ રાગ કે નિમિત્તના સાધનની જરૂર નથી. જો તને ભગવાનની શ્રદ્ધા હોય તો ભગવાન તો આમ કહે છે તેનો તું સમજીને સ્વીકાર કર!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણ રત્નત્રય છે તેમ અનંત વીર્ય, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિની નિર્મળ પર્યાયો પણ રત્ન છે. આત્મા અનંત રત્નોની મોટી ખાણ છે. અંતર એકાગ્રતાના સાધન વડે તે રત્નો પ્રગટ કરવાથી આત્માનું હિત થાય છે.

દિવાળીમાં વેપારીઓ ચોપડાં તપાસે છે ને! તેમ જેને પોતાનું હિત કરવું છે તેણે આ વીતરાગની વાણીના ચોપડાં તપાસવા જોઈએ.

'પ્રભુ! અમારે અમારું હિત કરવું છે. અનંતકાળમાં એક સમય પણ અમે અમારું હિત કર્યું નથી. હવે અમે અમારું હિત કરવા જાગૃત થયા છીએ. માટે પ્રભુ! અમને અમારું હિત બતાવો.'

પ્રભુ કહે છે કે ભાઈ! તારું હિત તારાથી જ થાય તેમ છે. તારામાં કરણ નામનો ગુણ છે. તે સાધન વડે તું તારું હિત સાધી લે, ભાઈ! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ અનંતી શક્તિ તારા સ્વભાવની ખાણમાં જ ભરી છે તેને પર્યાયમાં પ્રગટ કરવામાં તારે અન્ય કોઈ સાધનોની જરૂર નથી. અભિપ્રાયમાં પ્રથમ આમ નક્કી કર કે મારું હિત મારાથી જ થાય તેમ છે.

અતીન્દ્રિય આનંદ સ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે. સ્વતઃ સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે, નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના હિતનો પંથ હાથ આવે તેમ નથી. માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો...

અરે! આ પોતાની સ્વાધીનતાની વાત જ્યાં સુધી રુચિમાં પણ ન બેસે ત્યાં સુધી સ્વભાવ-સન્મુખતા નહિ થાય અને ત્યાં સુધી આત્માનું હિત નહિ થાય. માટે પહેલા રુચિમાં આ વાત બેસવી જોઈએ.

ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્માને પોતાની ઈશ્વરતાના સાધનમાં કોઈની પાસે પામરતા કરવી પડે તેમ નથી. તેમ જ અન્ય દ્રવ્યના કાર્યમાં પોતે પણ મદદગાર થઈ શકતો નથી. દરેક દ્રવ્યનું કાર્ય સ્વતંત્ર, અન્ય દ્રવ્યોથી નિરપેક્ષપણે થાય છે તેને આત્મા જાણે પણ કાંઈ કરે નહિ.

માટે હે જીવો! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્માને જાણો!

પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરતાં જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વચ્ચે રાગના વિકલ્પો આવે, ન આવે એમ નથી. રાગ આવે તેને જાણવો પણ તેને સ્વરૂપસાધનમાં સહાયક ન માનવો. પરદ્રવ્ય, નિમિત્ત કે રાગની અપેક્ષા વિના જ્ઞાન જ્ઞાનથી નિજ શુદ્ધસ્વરૂપ આત્માને જાણી લે છે. સ્વસંવેદનરૂપ સાધનથી જ પોતાનો અનુભવ કરી લે છે.

નિમિત્ત-ઉપાદાન, વ્યવહાર-નિશ્ચય, ક્રમબદ્ધ આદિ બધા સિદ્ધાંતોનો ખુલાસો આમાં આવી જાય છે. ક્રમબદ્ધ આદિ સિદ્ધાંતોનો નિર્ણય કરવાવાળો પણ હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, શુભાશુભરાગાદિનો કર્તા હું નથી, હું તો જ્ઞાયક છું એમ નક્કી કરે ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સિદ્ધ થાય છે. જે થાય છે તેને કરવું શું?–જાણવું. દેહની ક્રિયા થાય છે તેને કરવી શું? જાણવું, રાગ થાય છે તેને કરવો શું?–જાણવું. બસ! જાણવું–જાણવું–જાણવું એ જ જીવનું કાર્ય છે.

અહા! આત્મા પરમાત્મશક્તિથી બિરાજમાન છે. આત્મા પાંગળો નથી. પોતાની સ્વપરપ્રકાશક શક્તિ સહિત છે. જ્ઞેય બે પ્રકારના છે. સ્વજ્ઞેય અને પરજ્ઞેય. રાગ પણ પરજ્ઞેય છે. આત્મા નિજરૂપને પણ નિહાળે અને પરદ્રવ્ય-પરભાવને પણ જાણે.

થોડી પણ સત્ય વાત સમજાય તો તેમાં લાભ મોટો થાય છે, પણ વીપરીતતા ભરેલી અનેક વાતો સમજે પણ તેમાં લાભ શું? સત્યસ્વરૂપ વસ્તુનો એક ભાવ પણ જો રુચિ જાય તો પછી બધાં ભાવો રુચે જ. જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે 'ભગવાને કહેલો એક ભાવ પણ સમજે તેને સર્વભાવો સમજાય જાય છે.'

સ્ત્રીનું શરીર મળવાથી આત્મા સ્ત્રી થઈ જતો નથી, પુરુષનું શરીર મળવાથી પુરુષ બની જતો નથી. તેમ પર્યાયમાં રાગ થવાથી આત્મા રાગી બની જતો નથી.

આત્માનું સ્વરૂપ જ કોઈ મહાન છે. ભગવાન ફરમાવે છે કે આત્મા રાગરહિત ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે. આવા આત્માનો-તારા સ્વભાવનો તું સ્વીકાર કર ! ના ન પાડ!

ભગવાન આત્મા ચિદાનંદ રતનની જ્યોત, દેહ, વાણી, મન તથા રાગથી રહિત, જ્ઞાનથી જીવતી જ્યોત છે. તેને પરદ્રવ્યનો બિલકુલ સહારો નથી. આમ પહેલાં નિર્ણય કરવો, શ્રદ્ધા કરવી અને પછી અંતર એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો, તે હિતનો માર્ગ છે. એ સિવાય મંદિર બંધાવવાથી કે દાન દેવાથી કે એવી કોઈ પણ પરદ્રવ્યની ક્રિયા કરવાથી અથવા શુભભાવ થવાથી જે હિત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મંદિર આદિ પુદ્ગલની રચના પણ થાય અને તેને યોગ્ય રાગ પણ આવે. બધું પોતપોતાના કારણે થાય, તેમાં પોતે કર્તાબુદ્ધિ કરીને પોતાનું હિત માને છે તે માન્યતા મિથ્યાત્વ છે.

પરમાર્થથી સર્વભાવો પોત પોતાના આધારે છે. 'सर्व भावानाम् स्वरूप मात्र आधारत्वात ।' અન્યના આધારે આત્મા નથી અને આત્માના આધારે અન્ય નથી. સર્વને પોતાનો આધાર છે. આ વાત સ્વીકારવી અઘરી લાગે તોપણ જેવું સ્વરૂપ છે તેવું જ સ્વીકારવું પડે. શીરો કરવો હોય તો ઘીમાં લોટ શેકીને પછી જ ગોળનું પાણી નખાય. ગોળના પાણીમાં લોટ નાખીને ઉપર ઘી નાખવાથી શીરો ન બને. માટે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું સ્વીકારવાથી જ લાભ છે. (ક્રમશઃ)

—*—

[ પેજ નં. ૩૧ થી ચાલુ ]

* પૂજ્ય ગુરુદેવશ્રીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે રાખવામાં આવેલા પાંચ દિવસના ધાર્મિક કાર્યક્રમ પ્રસંગે સોનગઢ આવેલા સર્વે મહેમાન મુમુક્ષુઓ માટે પાંચેય દિવસ માટે ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી હતી.

* સમાધિના આગલા દિવસે બપોરે પ્રવચન-ભક્તિ બાદ સમસ્ત મુમુક્ષુગણ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શને તેઓના નિવાસ સ્થાને ગયા હતા.

* પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યતિથિ નિમિત્તે રાખવામાં આવેલ પંચપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજાનો લાભ શ્રી મોતીબેન ઠાકરશી (જામનગરવાળા હાલ સોનગઢ) એ લીધો હતો.

* શ્રી કુંદકુંદકહાન દિ. જૈન ભજન મંડળી, ઘાટકોપર દ્વારા કરાવવામાં આવેલ પ્રસંગોચિત ગુરુભક્તિનો સૌને લાભ મળ્યો હતો.

—ઇત્યાદિ ગુરુભક્તિયુક્ત ધાર્મિક કાર્યક્રમો દ્વારા કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો ચતુર્થ સમાધિદિન સૌ મુમુક્ષુઓએ ભક્તિભાવે ઉજવ્યો હતો.

—*—

# કારણ પરમાત્માને ઓળખે તે કાર્ય પરમાત્મા થાય છે

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સર્વજ્ઞદેવ ૧૮ મહાદોષથી રહિત છે, તે અઢાર દોષોનું વર્ણન કર્યું. વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય ત્રણ લોક તે દોષોથી વ્યાપ્ત છે, વીતરાગ સર્વજ્ઞદેવ તે દોષોથી રહિત છે—એમ છઠ્ઠી ગાથામાં કહ્યું.

હવે છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા સર્વજ્ઞ ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે:—

[ શ્લોકાર્થ:— ] જે સો ઇંદ્રોથી પૂજ્ય છે, જેમનું સદ્‌બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે, કામ વિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે, દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે, શ્રીકૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે, ભવ્યકમળના જે સૂર્ય છે (અર્થાત્ ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે), તે આનંદભૂમિ નેમિનાથ (—આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો. ૧૩.

જુઓ, આ ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ પોતે મહા બ્રહ્મચારી છે, ને સર્વજ્ઞની સ્તુતિ કરતાં પણ તેમણે બ્રહ્મચારી એવા શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ કરી છે. સર્વજ્ઞપદ પામ્યા તે તો બધાય સરખા જ છે, તેમાં કાંઈ ગુણની હીનાધિકતા નથી. ભગવાન અર્હંતદેવને શરીર હોય પણ આહાર કે ક્ષુધા-તૃષા વગેરે ન હોય. આવા સર્વજ્ઞ પુરુષ જ આપ્ત છે, ને તે જ આત્માના હિતને માટે માનવાયોગ્ય છે. મોક્ષનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે, ને સુશાસ્ત્રની ઉત્પત્તિ સર્વજ્ઞદેવના શ્રીમુખથી થાય છે. માટે મોક્ષના કામી જીવે એવા સર્વજ્ઞદેવને ઓળખીને પૂજવાયોગ્ય છે.

તેવા સર્વજ્ઞમાં અહીં નેમિનાથ પ્રભુની સ્તુતિ કરતા મુનિરાજ કહે છે કે ભગવાન સો ઇંદ્રોથી પૂજ્ય છે. ભગવાનને સદ્‌બોધરૂપી રાજ્ય છે. વિશાળ જ્ઞાનની આજ્ઞામાં જે પ્રમાણે જણાયું તે જ પ્રમાણે થાય છે. જ્ઞાનની આજ્ઞાને કોઈ ઉલ્લંઘતું નથી. જ્ઞાનનો પૂરો વિકાસ થઈ ગયો ને આખા જગતનું જ્ઞાન થઈ ગયું તે જ સાચું રાજ્ય છે, તે જ્ઞાનનું રાજ્ય વિશાળ છે. નેમિનાથ ભગવાનની સ્તુતિ કરતા કહે છે કે ભગવાન કામ વિજયી એવાં લૌકાંતિક દેવોના નાથ છે. લૌકાંતિક દેવો પાંચમાં સ્વર્ગમાં વસે છે, તેઓ બ્રહ્મચારી જ હોય છે, ને એકાવતારી હોય છે. તેમને બ્રહ્મર્ષિ કહેવાય છે. તે બ્રહ્મચારી દેવોના જે નાથ છે એવા નેમિનાથ ભગવાનની સ્તુતિ કરી

છે. લૌકાંતિક દેવો પણ તેમના ચરણને વંદે છે. માટે નિમિત્ત તરીકે ભગવાનને નાથ કહ્યા છે. તે દેવો આત્માની સર્વજ્ઞ શક્તિને માનનારા સમ્યગ્દષ્ટિ છે એટલે આત્માના શ્રદ્ધા–જ્ઞાન પ્રાપ્ત કર્યાં છે, તે ટકાવી રાખે છે ને નહિ મળેલી એવી સર્વજ્ઞ દશાની પ્રાપ્તિ કરે છે તેમાં ભગવાન નિમિત્ત છે, માટે ભગવાનને નાથ કહેવાય છે. નાથ એટલે જોગક્ષેમના કરનારા; જે મેળવ્યું તેનું રક્ષણ કરે અને જે ન મળ્યું તેને મેળવી આપે–તેને નાથ કહેવાય છે.

ભગવાનને લૌકાંતિક દેવોના નાથ કહ્યા, તેમાંથી એમ નીકળે છે કે તે લૌકાંતિક દેવો સમ્યગ્દષ્ટિ છે, તેમણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તેના ભગવાન રક્ષક છે, ને નહિ મળેલી એવી સર્વજ્ઞતાને મેળવી આપવામાં ભગવાન નિમિત્ત છે. ભગવાન જેના નાથ હોય તે જીવને સ્વભાવના ભાવથી સમ્યગ્દર્શન તો પ્રાપ્ત હોય જ; તે સમ્યગ્દર્શનને તો હવે જવા દે નહિ, ને નહિ મળેલી એવી પરમાત્મદશાને પમાડે—એ રીતે ભગવાન નાથ છે. ભગવાન સમ્યગ્દષ્ટિઓના જ નાથ છે.

વળી ભગવાને સમસ્ત દુષ્ટ પાપોનો નાશ કર્યો છે, ને શ્રીકૃષ્ણ તેમના ચરણ-કમળમાં નમ્યા છે. શ્રીકૃષ્ણ સમ્યગ્દષ્ટિ હતા. તે નેમિનાથ ભગવાનના વખતમાં થયા હતા, ને નેમિનાથ ભગવાનનાં ચરણોમાં નમ્યા હતા. ભગવાન અર્હંતપદે હતા તે વખતની આ સ્તુતિ છે.

ભવ્ય જીવોરૂપી કમળને વિકસાવવા માટે ભગવાન સૂર્ય સમાન છે. જેમ કળીમાં ખીલવાની તાકાત છે, લાકડું ખીલતું નથી, તેમ ભવ્ય જીવ ચૈતન્યસ્વભાવની શક્તિનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી વિકાસ પામે છે, તેમાં નિમિત્ત તરીકે ભગવાન છે. જે જીવમાં ખીલવાની લાયકાત નથી તેને માટે ભગવાન નિમિત્ત પણ નથી. ત્રિકાળ સત્ છે, ને તેની સમય સમયની પર્યાય પણ સ્વતંત્ર છે, તેમાં નિમિત્તને લીધે કાંઈ થતું નથી. જેનામાં ખીલવાની તાકાત છે એવા ભવ્ય જીવોને જ ભગવાન નિમિત્ત છે.

વળી તે સર્વજ્ઞ ભગવાન આનંદની ભૂમિ છે, જેની ચૈતન્યભૂમિમાં આનંદના જ કણસલા પાકે છે. અસંખ્ય પ્રદેશી આત્મા તો આનંદનું જ ક્ષેત્ર છે, દુઃખ તેના મૂળ સ્વભાવમાં નથી. નેમિનાથ ભગવાન આનંદનું જ સ્થાન છે. આવા શ્રી નેમિનાથ ભગવાન અમને શાશ્વત સુખ આપો. આ નિમિત્તથી કથન છે, તેમાં પોતાને પૂર્ણ આનંદ પ્રગટ કરવા માટેનો ઉત્સાહ છે તે બતાવ્યો છે. હે નાથ! જેમ આપ આનંદ-ભૂમિ છો તેમ અમારો આત્મા પણ આનંદની ભૂમિ છે, તેનાં શ્રદ્ધા–જ્ઞાન કર્યાં છે, તેમાં લીન થઈને અમે પૂર્ણાનંદ પ્રગટ કરશું. તે આનંદ શાશ્વતપણે ટકી રહેશે. પૂર્ણાનંદને પામેલો આત્મા પાછો સંસારમાં આવે નહિ. જ્યાં સુધી આત્મા રહે ત્યાં સુધી તેનો આનંદ પણ શાશ્વત રહે. આત્માનો આનંદ આત્માથી કદી જુદો પડે નહિ.

"ભગવાન અમને શાશ્વત સુખ આપો" એમ કહ્યું છે. ભક્તિમાં તો નિમિત્તથી કથન હોય, પણ ભાવના તો પોતાની છે ને?

સર્વજ્ઞ ભગવાન અઢાર દોષ રહિત છે તે કહ્યું. હવે ભગવાન સકળગુણમય હોય છે એ વાત પણ સાથે કરે છેઃ—

સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,
પરમાત્મા તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.

અર્થ :—(એવા) નિઃશેષ દોષથી જે રહિત છે અને કેવળજ્ઞાનાદિ પરમ વૈભવથી જે સંયુક્ત છે, તે પરમાત્મા કહેવાય છે; તેનાથી વિપરીત તે પરમાત્મા નથી. ૭.

પૂર્વે જે અઢાર દોષ કહ્યા તે દોષોથી તથા મોહજનિત સમસ્ત દોષોથી ભગવાન રહિત છે. સર્વજ્ઞપણું ને પૂર્ણાનંદ પ્રગટેલ છે તે અપેક્ષાએ બધા દોષનો નાશ કર્યો છે. યોગનું કંપન વગેરે વિકાર છે તેને અહીં ન ગણવા. કેમ કે આ અર્હંતદશાનું વર્ણન છે.

પરમાત્મા કેવા હોય? કે સમસ્ત દોષ રહિત અને કેવળજ્ઞાનાદિ ગુણોસહિત હોય છે; આવા જ પરમાત્મા છે, ને આથી વિપરીત હોય તે પરમાત્મા નથી, એમ અસ્તિ-નાસ્તિથી કથન કર્યું છે.

**ટીકા** :—આ ગાથામાં તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે. સિદ્ધદશા પામેલા પરમાત્માની વાત નથી, પણ અર્હંતદશામાં વર્તતા તીર્થંકર ભગવાનની વાત છે.

આત્માના ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો-જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, અંતરાય કર્મ અને મોહનીય કર્મ છે.

આ કથન નિમિત્તથી છે. એક તત્ત્વનો બીજા તત્ત્વમાં તદ્દન અભાવ, ત્યાં કોણ કોનો ઘાત કરે? વળી 'ગુણનો ઘાત' એમ કહ્યું, ત્યાં ગુણનો તો ઘાત કદી થાય નહિ પણ ગુણની પર્યાયનો ઘાત થાય છે. તે ઘાત થવાની યોગ્યતા પોતાની પર્યાયની જ છે, ત્યારે નિમિત્ત તરીકે ઘાતિ કર્મોને ઘાત કરનારાં કહ્યાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર પ્રકારનાં ઘાતિકર્મો છે. તે ચારે ઘાતિકર્મોનો સંપૂર્ણ નાશ ભગવાને કર્યો છે. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટતાં ઘાતિકર્મોનો એક અંશ પણ રહેતો નથી, માટે નિમિત્તથી કહ્યું કે ભગવાને તો ઘાતિકર્મોનો નાશ કર્યો. કર્મો આત્માના ગુણને ઘાતે તે પણ નિમિત્તથી કથન છે, અને આત્માએ કર્મનો નાશ કર્યો તે પણ નિમિત્તથી કથન છે, ખરેખર કોઈ કોઈના કર્તા નથી. પણ જ્યારે આત્માની લાયકાતથી પોતાની પર્યાયમાં જ્ઞાનાદિનો વિકાસ અટક્યો ત્યારે નિમિત્ત તરીકે કર્મને ઘાત કરનાર કહ્યાં અને જ્યારે આત્માને કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારે

નિમિત્તરૂપ કર્મોનો નાશ કર્યો હોવાથી ભગવાન સમસ્ત દોષ રહિત છે, અથવા પૂર્વે કહેલા અઢાર મહાદોષોથી રહિત હોવાથી ભગવાન દોષરહિત છે.

વળી ભગવાન કેવળજ્ઞાન વગેરે ગુણોથી સમૃદ્ધ છે. આવા કેવળીને ક્યારે માન્યા કહેવાય? કે આત્માની શક્તિમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યું છે. તેવી શક્તિ દરેક આત્મામાં છે. એવી શક્તિની પ્રતીત કરે તો ખરેખર કેવળીને માન્યા કહેવાય. ભગવાનને કેવળજ્ઞાન છે–એમ કહે, પણ તે કેવળજ્ઞાન પ્રગટ્યું ક્યાંથી? આત્માની શક્તિમાંથી; તે શક્તિની પ્રતીત વગર ખરેખર કેવળજ્ઞાનની પ્રતીત થાય નહિ. ભગવાનનું કેવળજ્ઞાન તેમની શક્તિમાંથી પ્રગટ્યું છે. તેમ મારું કેવળજ્ઞાન પણ કોઈ નિમિત્તમાંથી કે રાગમાંથી પ્રગટવાનું નથી, શક્તિમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે, એવી શક્તિની પ્રતીત કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન થઈને કેવળજ્ઞાન થાય. એ રીતે, આ એકલા કેવળીની વાત નથી, પણ જેવી કેવળીની શક્તિ છે તેવી પોતાની શક્તિ છે તેની પ્રતીત સહિતની આ વાત છે.

જુઓ, જીવોને પૂર્વ ભવના કેટલાક સંસ્કાર રહી જાય છે, પણ તે જો ચૈતન્યના લક્ષે નિત્યના આશ્રયે જ્ઞાન પ્રગટ કરે તો તે જ્ઞાનના સંસ્કાર આત્મા સાથે નિત્ય રહે. આત્મા ત્રિકાળી છે, તેના આશ્રયે જ ભગવાનને સકળ વિમળ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ્યું છે.

વળી ભગવાનને પરમ વીતરાગી આનંદ પ્રગટ્યો છે. આવો ભગવાનનો વૈભવ છે. પૈસા કે મકાન તે કાંઈ આત્માનો વૈભવ નથી, પણ કેવળજ્ઞાન-દર્શન પરમ વીતરાગસ્વરૂપ આનંદ તે જ ભગવાનનો વૈભવ છે. તેવા વૈભવથી અર્હંત ભગવાન સમૃદ્ધ છે. આવી સમૃદ્ધિવાળા ભગવાન તે જ સાચા દેવ છે. ભગવાનનો આનંદ વીતરાગી છે; ભગવાન લોકાલોકના નાટક જુએ છે માટે તેમને આનંદ છે–એમ નથી. સંસારી જીવો રાગથી આનંદ માને છે, તે આનંદ નથી. ભગવાનનો આનંદ પરમ વીતરાગી છે. આવા પરમાત્મા છે.

તે પરમાત્મદશા કેવી રીતે થઈ?

"ત્રિકાળ નિરાવરણ, નિત્યાનંદ–એક સ્વરૂપ નિજ કારણ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હંત્ પરમેશ્વર છે."

અહો! અહીં તો કાર્યપરમાત્માની સાથે કારણ પરમાત્માને પણ ભેગો ને ભેગો જ રાખ્યો છે, ધ્રુવ ને વર્તમાન—એ બન્નેની સંધિ રાખી છે, ધ્રુવ તે કારણ ને વર્તમાન તે કાર્ય એમ કારણ-કાર્યને ભેગાં જ રાખ્યા છે.

ધ્રુવ–અચળ–જ્ઞાયક એકરૂપ નિત્ય સ્વભાવ છે, તે કારણ પરમાત્મા છે. ત્રિકાળી આત્મદ્રવ્ય નિત્ય આનંદરૂપ છે, તે જ કારણ પરમાત્મા છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા

કરવા તેનું નામ કારણ પરમાત્માની ભાવના છે. તેવી ભાવનાથી જ ભગવાન કાર્ય પરમાત્મા થયા છે. કારણ પરમાત્મા ત્રિકાળ છે, ને તેના આશ્રયે કાર્ય પરમાત્મારૂપ નવી દશા પ્રગટે છે.

સંસાર કે મોક્ષ તે બન્ને એક સમયની પર્યાય છે. તે એક સમય પૂરતી આખી વસ્તુ નથી. વસ્તુ તો ત્રિકાળ આનંદ રૂપ–એકરૂપ–ધ્રુવ છે. તે ધ્રુવ વસ્તુ દ્રવ્ય દૃષ્ટિનો વિષય છે, તે જ કારણ પરમાત્મા છે, તેની ભાવનાથી કાર્ય પરમાત્મા થવાય છે. પૂર્ણ આનંદ ભગવાનને ક્યાંથી પ્રગટ્યો ? પહેલાં તો પ્રગટ ન હતો, રાગમાંથી આનંદ ન આવે, તેનો તો અભાવ થઈ જાય છે. પણ ત્રિકાળ આનંદ સ્વરૂપ કારણ પરમાત્મા છે, તે ત્રિકાળ આનંદશક્તિથી ભરપૂર છે. તેના શ્રદ્ધા–જ્ઞાનને એકાગ્રતારૂપ ભાવના વડે તે આનંદ પર્યાયમાં પૂર્ણ વ્યક્ત થાય છે. તેનું નામ કાર્ય પરમાત્મા છે. આવા કાર્ય પરમાત્મા તે જ અર્હંત પરમેશ્વર છે.

નિત્યાનંદ એકસ્વરૂપ અર્થાત્ નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા દરેક આત્મા શક્તિ–અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય જ છે તેથી દરેક આત્મા કારણ પરમાત્મા છે; જે કારણ પરમાત્માને ભાવે છે–તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ–અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવાય છે.

કારણ પરમાત્મા એટલે કોણ ? "બધા આત્માનું કોઈ એક અધિષ્ઠાન છે તે કારણ પરમાત્મા છે"—એમ નથી, પણ દરેક આત્મા પોતે સ્વતંત્ર ત્રિકાળ કારણ પરમાત્મા છે, દરેક આત્માની જે ત્રિકાળ ધ્રુવ શક્તિ છે તે જ નિજકારણ પરમાત્મા છે, ને તેના જ આશ્રયે કાર્ય પરમાત્મદશા પ્રગટે છે. અર્હંતને ઓળખાવ્યા, અને તેનું કારણ પણ ઓળખાવ્યું. અર્હંત તે કાર્યપરમાત્મા છે, તેની સામે કારણ પરમાત્માનું વર્ણન કર્યું. કાર્ય સાથે કારણ બતાવ્યું. એવી ટીકાકારની શૈલી છે. પહેલાં કાર્ય નિયમની સાથે કારણ નિયમ ત્રિકાળ એકરૂપ બતાવ્યો હતો. અહીં કાર્યપરમાત્માનું વર્ણન છે, તો તેની સામે ગૂંલાટ મારીને ત્રિકાળ કારણપરમાત્માનું સ્વરૂપ પણ બતાવ્યું. આવા કારણપરમાત્મામાંથી કાર્યપરમાત્મા થવાય છે.

કારણ પરમાત્મા એટલે શક્તિ અને કાર્યપરમાત્મા એટલે વ્યક્તિ. શક્તિમાંથી વ્યક્તિ થાય છે. શક્તિ તે કારણ પરમાત્મા, ને તેમાંથી વ્યક્તિ તે કાર્યપરમાત્મા છે. શક્તિરૂપે બધા આત્મામાં ત્રણે કાળે પરમાત્મપણું છે. તે કારણ પરમાત્મા છે, તેમાંથી જ કાર્યપરમાત્મદશા પ્રગટે છે. કોઈ પુણ્ય, વિકલ્પ કે નિમિત્તમાંથી તો તે કાર્યપર-

માત્મદશા નથી આવતી, વ્યવહારરત્નત્રય પણ તેનું કારણ નથી, ને નિશ્ચય રત્નત્રયની જે પર્યાય તેમાંથી પણ પરમાત્મદશા પ્રગટતી નથી, માટે નિશ્ચય રત્નત્રયની પર્યાય પણ પરમાર્થે કારણ નથી. જે કાર્ય પ્રગટ્યું તેની સાથે કારણપરમાત્મપણું પણ સદા ભેગું જ છે. જો નિશ્ચય રત્નત્રયપર્યાયમાંથી તે કાર્ય પ્રગટ્યું હોય તો તો તે પર્યાય ટળતાં રહી ન શકે. કાર્યપરમાત્મદશા પ્રગટી તે સાદિ-અનંત રહ્યા કરે છે ને તેની સાથે સમયે સમયે તેનું કારણ પણ રહ્યા જ કરે છે. કાર્ય થયું તે સમયે સમયે ચાલુ જ રહ્યા કરે છે તો તેની સાથે તેનું કારણ પણ સદાય રહે છે. માટે નિશ્ચયથી કારણ પરમાત્મા તે જ કાર્ય પરમાત્માનું કારણ છે. સમયે સમયે જો કારણ ન વર્તતું હોય તો પરમાત્મદશારૂપી કાર્ય પણ ટકી ન શકે. કારણ ને કાર્ય બન્નેને સાથે ને સાથે જ રાખીને અપૂર્વ વાત કરી છે. કારણપરમાત્મા ત્રિકાળ શુદ્ધ છે ને તેને જાણીને તેની જ ભાવના કરવી તે જ પરમાત્મદશાનું કારણ છે.

કોઈ કહે કે: શુદ્ધ આત્માને તો જાણ્યો, પણ હવે કરવું શું? તો તેમ પૂછનારે શુદ્ધ આત્માને જાણ્યો જ નથી. શુદ્ધ કારણપરમાત્માને જાણે, તેની પ્રતીત કરે, તેને "શું કરવું??" એવો પ્રશ્ન જ ન રહે. તે કારણપરમાત્માનો આશ્રય અને ભાવના કરવી તે જ કર્તવ્ય છે. કારણપરમાત્મા તો ત્રિકાળ છે; પણ તે કારણને કારણ તરીકે શ્રદ્ધામાં લીધું ત્યારે કાર્ય પ્રગટ્યું. જેને કારણપરમાત્માની પ્રતીત નથી તેને માટે તો કારણપરમાત્મા ક્યાં છે? તેને તો તેનું અસ્તિત્વ ભાસ્યું નથી. જ્યાં અંતરમાં વળીને તે સ્વભાવને કબૂલ્યો ત્યાં તે કારણના આશ્રયે કાર્ય પ્રગટ્યું. કારણ પરમાત્માની ભાવનાથી કાર્યપરમાત્મદશા પ્રગટે છે. પોતે જાગ્યો અને સ્વભાવની શ્રદ્ધા કરી ત્યારે કહ્યું કે અહો! હું તો ત્રિકાળ આવો કારણ પરમાત્મા જ છું. તેના શ્રદ્ધા જ્ઞાન કરીને જેટલી એકાગ્રતા કરી તેટલું કાર્ય પ્રગટે. અજ્ઞાની કહે છે કે બહારની સામગ્રી હોય તો કાર્ય પ્રગટે. અહીં કહે છે કે અંતરના ધ્રુવ કારણ પરમાત્મામાંથી કાર્ય પ્રગટે છે. કારણ પરમાત્માની ભાવના તે જ પરમાત્મદશા પ્રગટ કરવાનું કારણ છે. બીજું કોઈ કારણ છે જ નહિ. કાર્યને જાણતાં તેના આવા કારણની પ્રતીત પણ ભેગી હોવી જોઈએ. જે આવા કારણને ન જાણે ને બહારના કારણથી કેવળજ્ઞાનરૂપી કાર્ય થવાનું માને તેણે તો કાર્યને પણ જાણ્યું નથી ને કારણને પણ જાણ્યું નથી. કાર્યને ઓળખતાં તેના કારણની ઓળખાણ પણ સાથે જ છે. આવા કારણ પરમાત્માની પ્રતીત સહિત કેવળી ભગવાનને માને તો જ કેવળી ભગવાનને ખરેખર ઓળખ્યા કહેવાય. (ક્રમશઃ)

---

સ્થળસંકોચના કારણે વૈરાગ્ય સમાચાર આ અંકમાં છાપી શકાયા નથી.

## સુવર્ણપુરી સમાચાર :—

* અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં રાબેતા મુજબ સવારે જિનેન્દ્ર-પૂજન, ત્યારબાદ ૮ા થી ૯ા શ્રી સમયસાર ઉપરના ૧૮ મી વખતના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન, બપોરે ૩ થી ૪ બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી પંચાસ્તિકાય ઉપર શાસ્ત્રવાંચન; જિનેન્દ્રભક્તિ તથા સાંજે ૭ા થી ૮ા શ્રી સમયસાર કળશટીકા ઉપરના ૧૯૬૫ના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ તથા સવાર-સાંજ ભાઈઓ માટે શિક્ષણ કલાસ અને રાત્રે બહેનો માટે ગોગીદેવી આશ્રમમાં વાંચન—એ રીતે કાર્યક્રમ ચાલી રહ્યો છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ સોનગઢમાં રોજ રોજ યાત્રાળુઓ આવતા રહે છે ને સોનગઢનું અજોડ ધાર્મિક વાતાવરણ જોઈને પ્રસન્ન થાય છે.

* પરમ પૂજ્ય ગુરુદેવના પરમ ભક્ત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્વાત્મસાધનાની કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે. શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. દર્શનાર્થી મુમુક્ષુ તથા સમાગત યાત્રાળુ મહેમાનોને તેઓશ્રીના દર્શન તથા અધ્યાત્મ-રસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિરસભીની અમૃતવાણીનો અમૂલ્ય લાભ પણ મળતો રહે છે. મહાવીર-નિર્વાણ દિને તથા કારતક વદ ૧૪ ના રોજ તેઓશ્રી જિનેન્દ્ર-દર્શન-પૂજન માટે મંદિરે પધારતા વાતાવરણ આનંદમય થઈ ગયું હતું.

* પૂજ્ય ગુરુદેવશ્રીના ચતુર્થ વાર્ષિક સમાધિ દિન નિમિત્તે પાંચ દિવસનો વિશિષ્ટ 'ધાર્મિક કાર્યક્રમ' જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની ઉપાસના પૂર્વક ઉજવાયો હતો. તે અવસર પર તા. ૧૪-૧૧-૮૪ ના દિવસે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-સ્મારક યોજના અન્તર્ગત નિર્મિત 'શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય * ગુરુદેવશ્રી કાનજીસ્વામી-વચનામૃત ભવન * બહેનશ્રી ચંપાબેન વચનામૃત ભવન'-એ નામના રમણીય જિનાયતનમાં બિરાજમાન થનારા વીતરાગ ભાવવાહી દિગંબર જિનબિમ્બોના પંચકલ્યાણકપુરઃસર ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવની સુવ્યવસ્થા અર્થે આયોજન વિચારણા માટે નિમંત્રિત કાર્યકર મુમુક્ષુઓની એક મોટી સભા બોલાવી હતી. તે પ્રયોજનવશ શતાધિક કાર્યકર મુમુક્ષુભાઈઓ પણ પધાર્યા હતા. સભાના સમયે ગુરુવિયોગની ઉદાસીનું વાતાવરણ પલટીને ગુરુદેવના મંગળમય પ્રભાવના ઉદયથી પધારનારા જિનેન્દ્ર ભગવંતોના સ્વાગત તથા પ્રતિષ્ઠા મહોત્સવનું આનંદમય વાતાવરણ બની ગયું હતું. ઉપસ્થિત બધા મહાનુભાવ તન-મન-ધન તથા અપૂર્વ ઉત્સાહથી આ ભવ્ય મહોત્સવને સંપન્ન કરવાની લગની બતાવતા હતા. શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાની અધ્યક્ષતામાં બોલાવેલી આ સભામાં પ્રતિષ્ઠોત્સવના કાર્યસુવ્યવસ્થા અર્થે

એક મુખ્ય તથા ૧૮ ઉપસમિતિઓ નિમવામાં આવી હતી. બધી ઉપસમિતિઓને વિભિન્ન કાર્ય સોંપવામાં આવ્યું હતું. બીજા દિવસથી બધી સમિતિઓએ પોતાના કાર્યની રૂપરેખા બનાવીને તે તરફ પોતાની ગતિવિધિની શરૂઆત કરી દીધી. કાર્યની ગતિવિધિની જાણકારી તથા વિશેષ વિચાર વિનિમય માટે મુખ્ય સમિતિએ પુનઃ તા. ૧ તથા તા. ૨ ડિસેમ્બર—બે દિવસ ચાલનારી ઉપસમિતિઓની સભા બોલાવી છે. ઉપસમિતિઓના તથા અન્ય કાર્યકર મહાનુભાવોને પણ પોતાની વિવિધ સૂચનાઓ સાથે આ સભામાં પધારવા નિમંત્રણ આપવામાં આવેલ છે.

* ધનતેરસના દિને શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી તેમ જ શ્રી ગીરધરલાલ ઠાકરશી મોદી (મુંબઈ) ના નવનિર્મિત 'કહાન-સૂર્યકીર્તિ' તેમ જ 'કહાન-દેવેન્દ્રકીર્તિ' બંગલાના વાસ્તુ પ્રસંગે તેમને ત્યાં શ્રી જિનેન્દ્ર ભગવાનની તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટની મંગળ પધરામણી કરવામાં આવી હતી તથા સવારનું પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન પણ તેમના બંગલે રાખવામાં આવ્યું હતું. વાસ્તુ-પ્રસંગ નિમિત્તે બન્ને ભાઈઓ અને તેમના પરિવાર તરફથી રૂા. ૫૦૦૧/- તેમ જ દીપાવલિના દિને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી તેમને ત્યાં પધાર્યા તેની ખુશાલીમાં રૂા. ૧૧૧૧૧/- એમ કુલ રૂા. ૧૬૧૧૨/- જાહેર કરવામાં આવ્યા હતા.

* ધનતેરસના દિને શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી (મુંબઈ) ના "વૈરાગ્ય-ભુવન" ના વાસ્તુ-પ્રસંગે તેમને ત્યાં શ્રી જિનેન્દ્ર ભગવાનની તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટની મંગલ પધરામણી કરીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન બપોરે તેમને ત્યાં રાખ્યું હતું. વાસ્તુ-પ્રસંગ નિમિત્તે તેઓ તરફથી રૂા. ૨૫૦૧/- જાહેર કરવામાં આવ્યા હતા. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી દીપાવલિના રોજ તેમના ઘરે પધાર્યા તેની ખુશાલીમાં તથા નૂતન-વર્ષે તેઓશ્રીને હીરાથી વધાવવાનો તેમના પરિવારને લાભ મળ્યો તેની ખુશાલીમાં રૂા. ૮૬૧૦/- એમ કુલ રૂા. ૧૧૧૧૧/- જાહેર કરવામાં આવ્યા હતા.

* ઉપરોક્ત બન્ને મકાનના વાસ્તુ-નિમિત્તે બન્ને પરિવારો તરફથી સ્થાનિક મુમુક્ષુઓ તેમજ મુમુક્ષુ મહેમાનો માટે સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં આવ્યું હતું.

* કારતક સુદ ૩ ના રોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં શ્રી મયાભાઈ જેસીંગભાઈ શાહ અને પરિવાર (મુંબઈ) તરફથી રૂા. ૧૧૧૧૧/- દાનમાં જાહેર કરવામાં આવ્યા હતા.

* કારતક માસની અષ્ટાહ્નિકા પ્રસંગે કારતક સુદ આઠમ થી કારતક સુદ ૧૫ સુધી શ્રી પંચમેરુનંદીશ્વર મંડલ વિધાનપૂજા રાખવામાં આવી હતી.

ગયા મહિને નાઈરોબી ( કેન્યા )થી શ્રી અજિતભાઈ પી. શાહ એમની માતા તથા બહેન સાથે સુવર્ણપુરીના આધ્યાત્મિક શાંતિમય વાતાવરણમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રકાશક આત્મકલ્યાણકારિણી આધ્યાત્મિક સૂક્ષ્મ પ્રવચનોનો લાભ લેવા તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન તથા વાણીનો લાભ લેવા સોનગઢ આવ્યા છે અને પ્રતિષ્ઠા સુધી રહેવાની એમની ભાવના છે. તેઓએ રૂા. ૧૫૧૧૧-૦૦ નંદીશ્વર જિનાલયાદિમાં જાહેર કર્યા છે.

નાઈરોબી મુમુક્ષુમંડળના મંત્રી શ્રી વેલજી નરશી શાહ ગયા મહિને સોનગઢ આવ્યા હતા. પૂજ્ય બહેનશ્રીનાં દર્શન તથા વાણીનો અપૂર્વ લાભ મળવાની ખુશાલીમાં તેઓએ રૂા. ૧૦,૦૦૧ શ્રી નંદીશ્વર જિનાલયાદિ નિર્માણ ખાતામાં જાહેર કર્યા છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં ઉજવાનાર પ્રતિષ્ઠા મહોત્સવમાં હિન્દીભાષી મહેમાનો પણ અધિક સંખ્યામાં પધારવાની સંભાવના છે. તેથી તેઓને માટે અનુકૂળ અલગ ભોજનવ્યવસ્થાની યોજના બનાવવામાં આવી છે. ત્યાગીઓ -વ્રતીઓ માટે શુદ્ધ ભોજનવ્યવસ્થા રાખવામાં આવશે.

* શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનું નિર્માણકાર્ય જોર-શોરથી ચાલી રહ્યું છે. 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' ઉત્કીર્ણ સંગેમરમરના પાટિયા લગાડવાનું કાર્ય થોડા દિવસોમાં પૂરું થઈ જશે. નંદીશ્વરની સંગેમરમર-રચના તથા જિનપ્રતિમા-નિર્માણકાર્ય પણ ઝડપથી થઈ રહ્યું છે, થોડા દિવસોમાં તે બધું સોનગઢ આવી જશે.

* ફાગણ સુદ ૭ બુધવાર તા. ૨૭-૨-૮૫ પ્રતિષ્ઠાના દિવસે, પ્રતિષ્ઠાકાર્ય સમ્પન્ન થયા બાદ પ્રાતઃ 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિમન્દિર'માં સંગેમરમર નિર્મિત સ્વસ્તિક-અંકિત વિશાળ કમળની સ્થાપના કરવામાં આવશે.

* માગશર વદ અષ્ટમી તા. ૧૫-૧૨-૮૫ના રોજ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણ દિન' વિશેષ પૂજા-ભક્તિપૂર્વક ઉજવાશે.

* ફાગણ સુદ અષ્ટમીથી ફાગણ સુદ પુનમ શ્રી નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિકા-મહાપર્વપૂજા આનન્દોલ્લાસ પૂર્વક કરવામાં આવશે.

* માહ વદ ૧૦ ગુરુવાર તા. ૧૪-૨-૮૫ થી માહ વદ અમાસ મંગળવાર તા. ૧૯-૨-૮૫ સુધી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરના ૪૫ માં વાર્ષિક પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે શ્રી વીસ વિહરમાન જિનમંડલ વિધાનપૂજા રાખવામાં આવશે.

—*—

અધ્યાત્મમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
એ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?

આપણા જીવનશિલ્પિ વહાલા ધર્મપિતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીની સમાધિના ચતુર્થ વાર્ષિકદિન નિમિત્તે દેશભરનાં અનેક સ્થળેથી ભાવિક મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ તથા સમાધિસ્થાનના દર્શનાર્થે સોનગઢ આવ્યા હતા.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ચતુર્થ વાર્ષિક સમાધિદિન નિમિત્ત સોનગઢમાં પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં પાંચ દિવસ રોજ સવારે જિનમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી. પૂજન બાદ શ્રી નિયમસારશાસ્ત્રજી ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેઈપ રેકોર્ડિંગ સંભળાવવામાં આવતું હતું અને તે જ રીતે સાંજના પણ ૭ા થી ૮ા શ્રી પરમાત્મપ્રકાશ ઉપરના પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ પ્રવચનો રાખવામાં આવતા હતા. રોજ બે વખત પૂજ્ય ગુરુદેવશ્રીની સિંહ ગર્જનાવાળા અલૌકિક ટેઈપ પ્રવચનો તથા વીડિયો પ્રવચનો સાંભળીને સાક્ષાત્ ગુરુદર્શન મળ્યા જેવી પ્રસન્નતા થતી હતી. રોજ બપોરના વિદ્વાન ભાઈ શ્રી હિમતભાઈ ડગલી વીંછીયાવાળાના શાસ્ત્ર પ્રવચનો થતા હતા. પ્રવચન બાદ આદરણીય પં. શ્રી હિંમતભાઈ શાહ દ્વારા ભાવભીની જિનેન્દ્રભક્તિ રાખવામાં આવતી હતી. સાંજે ૬ા થી ૭ા શ્રી સ્વાધ્યાય-મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ ગુરુભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. જેમાં ગુરુભક્તિ દ્વારા ગુરુદેવની મંગલ ઉપસ્થિતિને ખૂબ ખૂબ યાદ કરીને તેઓશ્રીના અસીમ ઉપકારનું ગુણ-કીર્તન કરી કરીને ઉપસ્થિત સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનો પોતાના હૃદયની ભક્તિ વ્યક્ત કરતા હતા. ત્યાર બાદ ટેઈપ–પ્રવચન અને છેલ્લે ડૉ. પ્રવિણભાઈ દોશી, શ્રી પ્રાણભાઈ કામદાર આદિ વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો.

તા. ૧૫–૧૧–૮૪ કારતક વદ સાતમના રોજ વહેલી સવારે શ્રી સ્વાધ્યાય-મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ 'સદ્‌ગુરુ–સ્તુતિ' કર્યા બાદ જિન-મંદિરમાં શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજાની પૂર્ણાહૂતિ કરીને શ્રી પરમાગમ મંદિરમાં શ્રી નિયમસાર ગાથા–૫૦ ઉપરના વિડિયો–ટેઈપ પ્રવચનથી શ્રોતાગણ અત્યંત પ્રમુદિત થયો હતો. પ્રવચન બાદ શ્રદ્ધાંજલિ–કાર્યક્રમમાં સમસ્ત મુમુક્ષુ સમાજ વતી વિદ્વાન ભાઈ શ્રી હિમતભાઈ ડગલી તથા વિદ્વાન ભાઈશ્રી પ્રાણભાઈ કામદાર દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવામાં આવી. બપોરના શ્રી હિંમતભાઈ ડગલીનું શાસ્ત્રપ્રવચન, આદરણીય પં. શ્રી હિંમતભાઈ દ્વારા ભાવભીની ભક્તિ, ત્યારબાદ સાંજે ગુરુભક્તિ, ટેઈપ–પ્રવચન તથા પ્રવિણભાઈ દોશીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રપ્રવચન રાખવામાં આવેલ હતું. [ અનુસંધાન માટે જુઓ પાનું–૨૧ ]

# * પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* જેમ પાણીના પૂર આવે છે તે તેને કારણે આવે છે ને તેને કારણે ચાલ્યા ય છે; તારે માટે આવ્યા નથી. તેમ આ શરીર, કુટુંબ આદિ બધા પાણીના પૂરની ાફક લોહના લોઢ એને કારણે આવ્યા છે ને એને કારણે જાય છે, તારે માટે ઈ આવ્યા નથી.

* શરીર, કુટુંબ, ધનાદિ મારા છે એવી માન્યતા તે ભ્રમણાની ખાણ છે.

* લૌકિક નાટકમાં નારદ કહે છે કે જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું, તેમ અહીં કહે છે કે જ્યાં હોય કલેશ ત્યાં "ભગવાન બનાવું."

* જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે તે વિચિક્ષણતા શેની?

* ભગવાન આત્મા દુઃખની દશામાં આવ્યો છે પણ દુઃખને ટાળવાનું સામર્થ્ય રાખીને દુઃખની દશામાં આવ્યો છે.

* જેનું ઓહોહો કરવા જેવું નથી. એનું જીવને ઓહોહો (માહાત્મ્ય) આવે છે અને જેનું ઓહોહો કરવા જેવું છે એનું એને ઓહોહો આવતું નથી.

* રાગાદિ ને અલ્પજ્ઞતા એ પણ જેમાં નથી એવા શુદ્ધ સ્વરૂપ માત્ર આત્માને જાગીને જો, જાગીને જો, બાપુ! એ 'વર્ષ બેસતું' છે.

* જ્યાં હોંશ કરવી જોઈએ ત્યાં હોંશ ન કરે અને જ્યાં હોંશ કરવા જેવી નથી ત્યાં હોંશ કરે—આ તારા લક્ષણ કેવા!!

Licence No. 3
'Licensed to post
without prepayment'

To,

૧૪૨૬ A શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, બી. એડ. કૉલેજ
સણોસરા
વાયા–સોનગઢ

If undelivered please return to
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટીંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250